P.09

અદભૂત યાત્રાનો ભાગ રહ્યો છું અને હું તેનો હિસ્સો બની રહીશ : દિલિપ જોશી

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in

LOK PATRIKA

RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૦૪ । વિક્રમ સંવત ૨૦૮૧ : કારતક વદ ૦૫ । પાના - ૧૦ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 104 • Dt. 20-10-2024 Wednesday • Page 10 • Price : Rs. 4 • City Office : Lok Patrika Media House, 72, City Centre, Nr. Swastik Cross Road, C.G. Road, Navrangpura, Ahmedabad 380009 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


P.09

સલમાન ખાન ફાયરિંગ કેસમાં ગેંગસ્ટર લોરેન્સના ભાઈની ધરપકડ

ચાર કરોડથી વધુ ખેડૂતોને ૨૦ બિલિયન યુએસ ડોલરનો લાભ મળ્યો છે : વડાપ્રધાન

09

20 NOVEMBER- 2024 WEDNESDAY

09

ભારતની મોટી રાજદ્વારી જીત, ચીન મોદી-શી વચ્ચે થયેલી સહમતિને લાગુ કરવા તૈયાર

### હિંમતનગરમાં કેન્દ્રિય ગૃહમંત્રી અમિતભાઈ શાહનું સંબોધન

# પ્રાકૃતિક ખેતી આવનારા દિવસોમાં ખેડૂતોની સમૃદ્ધિનું કારણ બનશે

## કેન્દ્રિય મંત્રી અમિતભાઈ શાહના હસ્તે સાબરડેરીના ૮૦૦ મેટ્રિક ટન પ્રતિ દિનની ક્ષમતાવાળા અત્યાધુનિક કેટલ ફીડ પ્લાન્ટનું ઉદ્ઘાટન

। માહિતી બ્યૂરો, અમદાવાદ, તા.૧૮ ।

હિંમતનગર ખાતે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે સાબર ડેરીના રૂ. ૨૧૦ કરોડના ખર્ચે ૮૦૦ મેટ્રિક ટન પ્રતિ દિનની ક્ષમતાવાળા અત્યાધુનિક કેટલ ફીડ પ્લાન્ટના ઉદ્ઘાટન પ્રસંગે જણાવ્યું હતું કે, આ કેટલ ફીડ પ્લાન્ટનો પ્રારંભ થવાથી સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં દૂધ ઉત્પાદકોના દૂધાળા પશુઓ માટે સમતોલ અને પોષણયુક્ત આહારનો પુરવઠો વધુ માત્રામાં મળશે. એટલુ જ નહી, શ્રી ભુરા કાકાએ ૬૦ વર્ષ પહેલાં જે બીજ વાવ્યું હતુ એ આજે સાબર ડેરી તરીકે વટવૃક્ષ બન્યુ છે. ૧૯૭૬ની શરુઆતથી લઈને આજના પ્લાન્ટના ઉદ્ઘાટન બાદ ૨૦૦૦ મેટ્રીક ટન સાબર

દાણનું ઉત્પાદન શકય બન્યું છે.

આ પ્રસંગે શ્વેત ક્રાંતિની વાત કરતા કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી એ કહ્યું કે, શ્વેત ક્રાંતિની શરૂઆત શ્રી ત્રિભુવન કાકાએ કરી હતી. શ્વેત ક્રાંતિને કારણે ગુજરાત નહીં વિશ્વભરમાં એક સહકારિતા ક્ષેત્રમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. દેશમાં થતા દૂધ ઉત્પાદનની વાત કરતા શ્રી અમિત શાહે કહ્યું કે, વર્ષ ૧૯૭૦માં માથાદીઠ ૪૦ ગ્રામ પ્રતિ વ્યક્તિ દુધ ઉપલબ્ધ થતું હતું, જ્યારે આજે ૨૦૨૩-૨૦૨૪માં સમગ્ર દેશમાં માથાદીઠ ૧૬૭ ગ્રામ દૈનિક દુધ ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યું છે. આમ, વૈશ્વિક સરેરાશ દુધ ઉત્પાદન ૧૧૭ ગ્રામ છે, જેના કરતાં ભારતની સરેરાશ વધારે છે જે સહકારી માળખાના કારણે શક્ય બન્યું એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬

## કેશોદમાં યુવકની આંખમાં હુમલાખોરે દાતરડું ખૂસાડ્યું

। પ્રતિનિધિ, જુનાગઢ, તા.૧૯ ।

જુનાગઢના કેશોદમાં રસ્તા પર નીકળવા જેવી સામાન્ય બાબતે એક યુવક પર જીવલેણ હુમલો થયો છે, જેમાં હુમલાખોરે યુવકની આંખમાં દાંતરડું ઘુસાડી દીધું હતું. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા આ યુવકને રાજકોટ હોસ્પિટલ ખસેડાયો છે. સુભાષ રામદેભાઈ કરગઠિયા નામનો ૧૮ વર્ષીય યુવાન પોલીસ ભરતી માટે દોડની પ્રેક્ટિસ કરવા માટે પોતાના મિત્રો સાથે એનપી કોલેજ ગ્રાઉન્ડમાં જઈ રહ્યો હતો. ત્યારે ઈન્દિરાનગરમાં કોમલ નાથાભાઈ રાઠોડ નામના શખ્સે તેમને આ રસ્તેથી નીકળવું નહીં તેવી ધમકી આપી હતી. આ યુવાનો દોડની પ્રેક્ટિસ કરીને પરત જઈ રહ્યા હતા ત્યારે કોમલ નાથાભાઈ રાઠોડ નામના શખ્સે આ યુવાનોને રોકીને ધમકી આપી હતી અને દાતરડાથી જીવલેણ હુમલો કર્યો હતો. હુમલાખોરે દાતરડું સુભાષ કરગઠિયાની ડાબી આંખમાં ઉંડે સુધી ઘુસાડી દીધું હતું.

## ભાવનગરમાં ૫૫ વર્ષના આધેડને કોર્ટે ફટકારી ૨૦ વર્ષની સજા

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૧૯ ।

ભાવનગર શહેરના ફુલસર રોડ પર રહેતા આધેડે તેની દીકરીથી પણ નાની ઉંમરની એક નવ વર્ષની માસૂમ બાળા ઉપર બળાત્કાર ગુજાર્યાની ચકચારી ઘટનામાં ભાવનગર કોર્ટે સમાજમાં દાખલો બેઠે તેવી સજાનો ચુકાદો આપી દુષ્કર્મ આચરનારા આધેડને ૨૦ વર્ષ કેદની સજા અને રોકડ રકમનો દંડ ફટકાર્યો છે. આ ઉપરાંત હવસખોરનો ભોગબનનાર બાળકીને છ લાખનું વળતર આપવા હુકમ કર્યો હતો. ભાવનગરના ફુલસર રોડ પર કાંતિનગરમાં પ્લોટ નં.૧૮૦માં રહેતો ૫૫ વર્ષીય હિંમત રત્નાભાઈ બઢિયા નામના શખ્સે બે વર્ષ પૂર્વે ગત તા.૧૮-૧૨-૨૦૨૨ના રોજ રાત્રિના સમયે એક નવ વર્ષની માસૂમ બાળકીને તેના ઘરમાં બોલાવીને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. ઘટના પ્રકાશમાં આવતા હવસખોર આધેડ સામે ચોતરફથી ફિટકાર વરસી હતી. બાળકીના પરિવારે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી

### બાગાયતી ખેતી અપનાવેલ ખેડૂતોએ પોતાના અનુભવો વર્ણવ્યા

# દસ્ક્રોઈના કાણીયેલમાં શાકભાજી પાકોમાં ધરું ઉછેર અને સંકલિત પોષણ વ્યવસ્થાપન અંગેનો પરિસંવાદ યોજાયો

**ખેડૂતો શાકભાજી પાકોના તંદુરસ્ત ધરું માટે વધુમાં વધુ પ્લગ નર્સરી ઊભી કરીને સ્થાનિક રોજગારી ઉભી કરવા સહયોગી બની શકે છે : અધિકારી**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૮ ।

નાયબ બાગાયત નિયામકની કચેરી, અમદાવાદ દ્વારા જિલ્લાના ખેડૂતો માટે દસ્ક્રોઈના કાણીયેલ ગામે 'શાકભાજી પાકોમાં ધરું ઉછેર અને સંકલિત પોષણ વ્યવસ્થાપન' અંગે એક દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

પરિસંવાદ અંતર્ગત અમદાવાદના નાયબ બાગાયત નિયામકશ્રી જે. જે. પરમારે ખેડૂતોને શાકભાજી પાકો માટે તંદુરસ્ત ધરું ઉછેર માટે વધુમાં વધુ પ્લગ નર્સરી ઊભી કરવા અનુરોધ કરીને બાગાયત ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો.

આત્માના પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી કે.કે.પટેલે પ્રાકૃતિક ખેતીનાં આયામો તેમજ ખેતી ખર્ચ ઘટાડવા બાબતે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું

બાગાયત અધિકારી શ્રી વી.એચ.રાવલ દ્વારા ખેડૂતોને 'Grow More Fruit Crop' કેમ્પેઈન અંતર્ગત તાલુકામાં વધુમાં વધુ ફળઝાડનું વાવેતર થાય તે માટે સમજ આપવામાં આવી હતી.

આ પ્રસંગે પ્રગતિશીલ ખેડૂતશ્રી ઉદાજી ઝાલા દ્વારા શાકભાજી પાકમાં પ્રાકૃતિક ખેતી તથા રમેશભાઈ પ્રજાપતિ દ્વારા ફાલસા ખેતી અંગે પોતાના અનુભવ વર્ણવવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ જિલ્લામાં બાગાયતી પાકોમાં ખેડૂતો દ્વારા અપનાવવામાં આવેલી આધુનિક કૃષિ પદ્ધતિઓના પરિણામે જિલ્લામાં નવીન બાગાયતી પાકોમાં વાવેતર સારા એવા પ્રમાણમાં વધ્યું છે. પરિસંવાદ અને તાલીમ જેવા કાર્યક્રમો જિલ્લાના ખેડૂતોને વધુ પ્રમાણમાં બાગાયતી ખેતી અપનાવવા તરફ પ્રોત્સાહિત કરે છે.

આ પ્રસંગે માજી. જિલ્લા સદસ્ય શ્રી ફૂલસિંહ બબાજી ચૌહાણ, ગામનાં આગેવાનશ્રીઓ તેમજ આત્મા, ખેતીવાડી, બાગાયત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.દસ્ક્રોઈ તાલુકાના અંદાજીત ૩૦૦થી વધુ ખેડૂતોએ બહોળી સંખ્યામાં આ પરિસંવાદનો લાભ મેળવ્યો હતો.

## કારેલીબાગ પોલીસ સ્ટેશનના બે પોલીસકર્મીઓ સસ્પેન્ડ

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૯ ।

વડોદરા ભાજપના નેતા રમેશ પરમાર ઉર્ફે રાજાનાં પુત્ર તપનની હત્યા મામલો કારેલીબાગ પોલીસનાં બે પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ફરજ પર બેદરકારીને પગલે શહેર પોલીસ કમિશ્નર દ્વારા એક્શન લેવામાં આવ્યું છે. આરોપી બાબરને જીજીર હૉસ્પિટલ લઈને આવ્યા બાદ ફરજ પર બેદરકારી રાખવામાં આવી હતી. વડોદરામાંથી નજીવી બાબતમાં યુવાનો વચ્ચે ઝઘડો થયો હતો. જેમાં બે યુવાનને તિક્ષ્ણ હથિયારના ઘા માર્યા હતા. આ ઘટનામાં કુખ્યાત બાબરને પણ ઈજા પહોંચી હતી ત્યારે તમામને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ ઘટના સાંભળીને પૂર્વ કોર્પોરેટરનો પુત્ર પણ હોસ્પિટલ પહોંચ્યો હતો. ત્યાં પૂર્વ કોર્પોરેટરના પુત્ર પર હુમલો કરવામાં આવ્યો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત સ્થિતિમાં યુવાનને હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી, પરંતુ સારવાર દરમ્યાન યુવાનનું મોત નિપજ્યું હતું.

## વિજયનગરના ચંદવાસમાં ઉછીના પૈસા બાબતે ઝઘડો થયો

। પ્રતિનિધિ, હિંમતનગર, તા.૧૯ ।

વિજયનગર તાલુકાના ચંદવાસ ગામની સીમમાં બે દિવસ અગાઉ ઉછીના આપેલ પૈસા પરત લેવા માટે પૈસા આપનારે પૈસા લેનાર ત્રણ જણા પાસે જઈ ઉઘરાણી કરતા મામલો મારા મારી સુધી પહોંચી ગયો હતો. જેમાં બે જણાને ઈજા થતા મામલો વિજયનગર પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો હતો. તો સામે પક્ષે પણ ચાર જણા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે બન્ને પક્ષોની ફરિયાદના આધારે સાત જણા વિરૂધ્ધભ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.આ અંગે ચંદવાસ ગામે રહેતા ચેતનભાઈ કાળાજી નિનામાએ નોંધાવેલી ફરિયાદમાં કરેલા આક્ષેપ મુજબ અગાઉ તેમણે દિનેશભાઈ થાવરાજી નિનામાને ગમે તે કારણસર ઉછીના પૈસા આપ્યા હતા. ત્યારબાદ ગત તા.૧૭ નવેમ્બરના રોજ સાંજના સુમારે પૈસા પરત માંગવા જતા ઝઘડો થયો હતો.

## જગન્નાથ મંદિર ડેવલપમેન્ટ પ્રોજેક્ટની શરુઆત, ૩૫ મંદિરોનો જીર્ણોદ્ધાર કરાશે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદમાં આવેલા જગન્નાથજી મંદિર ભક્તો માટે ખુશીના સમયાચાર આવી રહ્યાં છે. જગન્નાથ મંદિરના ડેવલપમેન્ટ પ્રોજેક્ટના કામની શરુઆત થઈ ચૂકી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક ખાસ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. જે અંતર્ગત અમદાવાદના પ્રસિદ્ધ જગદીશ મંદિરની આસપાસના વિસ્તારને ડેવલપ કરવા માટે કામગીરી હાથ ધરાઈ છે.લગભગ ૧૫૫.૦૨ કરોડના ખર્ચે આ પ્રોજેક્ટ પર કામ થશે. આ પ્રોજેક્ટને "ટેમ્પલલીંક પ્રોજેક્ટ" નામ અપાયું છે. જેને ત્રણ તબક્કામાં પૂર્ણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ અંતર્ગત જગન્નાથ મંદિર પાસેના ૨ કિ.મી. લંબાઈના માર્ગને આવરી લેવામાં આવશે. અને તેમાં આવતા ૩૫ મંદિરોનો પણ જીર્ણોદ્ધાર કરવામાં આવશે. જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજીનું કહેવું છે કે આ પ્રોજેક્ટથી લોકોને પણ વિવિધ મંદિરમાં દર્શનની સુવિધા રહેશે.પ્રોજેક્ટ અંતર્ગત હાલ રથયાત્રા રૂટના ડેવલપમેન્ટનું કામ શરૂ કરાયું છે. તો જગન્નાથ મંદિરની આગળ એક "પ્લાઝા" એટલે કે મંદિર ચોક બનાવવાની કામગીરી હાથ ધરાશે. આ માટે તે વિસ્તારમાં આવતા દબાણોને દૂર કરવાની નોટિસ પણ પાઠવી દેવામાં આવી છે. લગભગ ૭ દિવસમાં દબાણો દૂર કરવાની કામગીરી પણ શરૂ કરાશે.

### મેડિકલ કોલેમાં આ પ્રકારની સ્થિતિ છે તો બીજે તો શું ચાલતું હશે ?

# પાટણ રેગિંગ કાંડથી અણઘડ સંચાલનનો ઘટસ્ફોટ: ૧૩ જીએમઇઆરએસ મેડિકલ કોલેજમાં કાયમી ડીન જ નથી

। પ્રતિનિધિ, પાટણ, તા.૧૯ ।

રાજ્યમાં સામાન્ય શિક્ષણમાં તો ધુપ્પલ ચાલે જ છે, પરંતુ ઉચ્ચ શિક્ષણમાં પણ કેવું અણઘડ ખાતુ ચાલે છે તેનો પર્દાફાશ પાટણમાં વિદ્યાર્થીના રેગિંગ કાંડે કર્યો છે. પાટણના વિદ્યાર્થીના રેગિંગ કાંડે ઉચ્ચ શિક્ષણના અણઘડ સંચાલનનું ઉદાહરણ રજૂ કર્યુ છે. પાટણ રેગિંગ કાંડથી સૌથી મોટો પર્દાફાસ એ થયો છે કે રાજ્યની ૧૩ જીએમઇઆરએસ મેડિકલ કોલેજમાં કાયમી ડીન જ નથી. આ એકાદી કોલેજની વાત નથી, આ ૧૩-૧૩ કોલેજની વાત છે. મેડિકલ કોલેજ ઉચ્ચ શિક્ષણમાં મોખરાનું સ્થાન ગણાય છે ત્યાં આ પ્રકારની સ્થિતિ છે તો બીજે તો શું ચાલતું હશે.

આમ પાટણની જીએમઈઆરએસ મેડિકલ કોલેજમાં રેગિંગની ઘટનામાં એક વિદ્યાર્થીના મોતથી મેડિકલ એજ્યુકેશન જગતમાં ભારે હલચલ મચી ગઈ છે. જો કે, આ ઘટનાએ ઉચ્ચ શિક્ષણ વિભાગના નબળા સંચાલનની પણ પર્દાફાશ કરી છે. આમ, ટેકનિકલ સહિત અન્ય કોલેજોની જેમ મેડિકલ કોલેજો પણ ઈન્ચાર્જ ડીન-સુપ્રિટેન્ડેન્ટની રહેમ પર ચાલતી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.પાટણની જીએમઈઆરએસ કોલેજ જૂની ૮ કોલેજોમાંની એક છે. એટલે કે આ કોલેજ ૨૦૧૦માં જ શરૂ થઈ હતી. પાટણની મેડિકલ કોલેજમાં રેગિંગની ઘટના પ્રકાશમાં આવ્યા બાદ જીએમઈઆરએસ સંચાલિત મેડિકલ કોલેજો હાલમાં ચર્ચામાં છે. વાસ્તવિકતા એ છે કે વર્તમાન પરિસ્થિતિમાં સોસાયટી સંચાલિત ૧૩ મેડિકલ કોલેજોમાંથી મોટાભાગની કોલેજોમાં કાયમી ડીન નથી. એટલે કે આ મેડિકલ કોલેજો ડીન ઈન્ચાર્જના હવાલે એક પ્રોફેસરને સોંપવામાં આવી છે. એટલું જ નહીં ડીન ઇન્ચાર્જમાં પણ જેઓને ચાર્જ આપવામાં આવ્યો છે તેઓ અઠવાડિયામાં એક કે બે વાર મેડિકલ કોલેજમાં હાજરી આપે છે અને પરત ફરે છે.પાટણ મેડિકલ કોલેજ ડીન ઈન્ચાર્જ દ્વારા ચલાવવામાં આવે છે. આમ, હાલમાં મેડિકલ સોસાયટી સંચાલિત મેડિકલ કોલેજોમાં કોઈ વ્યવસ્થા નથી, જેઓને ચાર્જ આપવામાં આવ્યો છે તેઓ કોલેજમાં રહેતા નથી, પાટણ સહિત અનેક મેડિકલ કોલેજોમાં હોસ્ટેલમાં કાયમી રેક્ટર ન હોવાનું જાણવા મળ્યું છે.

### ગુન્હેગારોમાંથી પોલીસનો ડર ઓછો થવા લાગ્યો હોય તેવો માહોલ

# કાયદો વ્યવસ્થા કથળી । સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૫ દિવસમાં પાંચ લોકોની હત્યા કરાઈ !!!

**સુરેન્દ્રનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવામાં પોલીસ નિષ્ફળ નીવડી હોય તેવી સ્થિતિ ઉભી થઇ છે**

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૧૯ ।

સુરેન્દ્રનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવામાં પોલીસ નિષ્ફળ નીવડી હોય તેવી સ્થિતિ ઉભી થઇ છે. છેલ્લા ૧૫ દિવસમાં ૫ લોકોની હત્યા થઇ છે, જેમાં એક ઘટના ટ્રિપલ મર્ડરની છે. સુરેન્દ્રનગરમાં ગુનેગારોને પોલીસનો ભય જ ન રહ્યો એમ હત્યાઓ થઇ રહી છે. જોરાવરનગરની મુખ્ય બજારમાં જીતુભા ગોહિલ મયુર પાન પાર્લરના નામે પાનની દુકાન ચલાવતા હતા. વનરાજ ખાચર અને અન્ય ૪ શખ્સોએ ત્યાં આવીને રિવોલ્વરમાંથી ૩ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું હતું. ફાયરિંગની ઘટનામાં પાન પાર્લરના માલિક જીતુભા ગોહિલને ઈજા પહોંચી હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતા, જ્યાં ટૂંકી સારવાર બાદ તેમનું મોત નિપજ્યું હતું. ફટાકડાના પૈસાની ઉઘરાણી કરવા આ શખ્સો આવ્યા હતા, ત્યારે પાન પાર્લરના માલિક સાથે ઝઘડો થયો હોવાનું સામે આવ્યું હતું. પોલીસે આ ઘટનામાં મુખ્ય આરોપી ફાયરિંગ કરનાર વનરાજ ખાચર નામના આરોપીને ઝડપી લીધો છે, સાથે જ ગુનામાં ઉપયોગ કરવામાં આવેલા હથિયાર પણ પોલીસે કબ્જે કર્યા છે. સુરેન્દ્રનગરના થાનગઢમાં પ્રેમ પ્રકરણ મામલે માતા-પિતા અને તેના પુત્રની હત્યા કરવામાં આવી હતી. ટ્રિપલ મર્ડરની આ ઘટનામાં પિતા ઘુઘાભાઈ દાનાભાઈ બજાણીયા અને પુત્ર ભાવેશ ઘુઘાભાઈ બજાણીયાનું પહેલા જ મૃત્યુ થયું હતું, બાદમાં સારવાર દરમિયાન ભાવેશની માતા મંજુબેન ઘુઘાભાઈ બજાણીયાનું પણ મોત થયું હતું. થાનગઢ પોલીસે આ ટ્રિપલ મર્ડરના આરોપીઓ દિનેશ સાપડા, જેસા નરસી, દિનેશ સુખાભાઈ અને અન્ય એક એમ કુલ ૪ આરોપીઓને ઝડપી પડ્યાં હતા. પોલીસે આજે થાનગઢ હાઈસ્કૂલથી આઝાદ ચોક સુધી આ ચારેય આરોપીઓનું જાહેરમાં સરઘસ કાઢ્યું હતું. સુરેન્દ્રનગર શહેરની ઉમિયા ટાઉનશીપમાં જન્મ દિવસની પાર્ટીમાં યુવકની હત્યા કરવામાં આવી હતી. મિત્રના જન્મદિવસની પાર્ટીની ઉજવણીમાં યુવકને રાજકોટથી બોલાવામાં આવ્યો. મિત્રોએ દારૂની મહેફિલ માણી. ત્યારબાદ મામલો બગડતા હાજર લોકોએ યુવકને માર મારી અને હત્યા કરી હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો છે. ઘટના સ્થળેથી ખાલી દારૂની બોટલો અને ગ્લાસ મળી આવ્યા હતા. પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે. તો બીજી તરફ આ સમગ્ર મામલે ઢરૂજીઁ સહિતના કાફલાએ તપાસ આદરી છે, તપાસમાં યુવાનને ઉપરથી નીચે ફેંકી દીધાનું સામે આવ્યું છે. ચંદન પરમાર નામના યુવકની હત્યા કરી બીજા માળેથી ફેંકી દેવામાં આવ્યા હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો.

### કડક કાર્યવાહી હાથ ધરાતા વાહનચાલકોમાં ફફડાટ

## સાબરકાંઠામાં આરટીઓ દ્વારા સઘન ચેકીંગ ૩. આઠ લાખથી વધુનો દંડ વસુલ કરાયો

। પ્રતિનિધિ, હિંમતનગર, તા.૧૯ ।

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી માર્ગ અકસ્માતોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. જેના લીધે અનેક લોકોના મોત થાય છે. જેમાં મુખ્યત્વે વાહન ચાલકો પોતાના વાહનમાં મુસાફરોની ક્ષમતા કરતા વધુ મુસાફરો ભરીને એક સ્થળેથી બીજા સ્થળે જાય છે. ત્યારે કેટલાક કિસ્સાઓમાં અકસ્માત સર્જાય છે. તેના પાછળનું મુખ્ય કારણ વાહન ચાલકોમાં ટ્રાફિકના નિયમો અંગેની જાણકારી ઓછી હોવાનું તપાસ દરમિયાન માલુમ પડયુ છે. ત્યારે સાબરકાંઠા આરટીઓ દ્વારા બે દિવસ અગાઉ જિલ્લાના ત્રણ તાલુકાઓમાં વાહન ચેકીંગ કરવામાં આવ્યુ હતુ. જેમાં પોલીસે આરટીઓના નિયમોના ભંગ બદલ ૪૦૦થી વધુ વાહનોનું ચેકીંગ કર્યુ હતુ. ખાસ ડ્રાઇવ અંતર્ગત આરીટીઓએ ૧૦૧ વાહન ચાલકોને દંડ ફટકાર્યો હતો. જેમાં અંદાજે ૮.૫ લાખથી વધુનો દંડ વસુલવા માટે મેમો ફટકાર્યા છે. આ અંગે સાબરકાંઠા જિલ્લા આરટીઓ તપન મકવાણા તથ ઇન્સ્પેકટર લક્ષ ચાવડા તથા તેમની ટીમના જણાવ્યા મુજબ સાબરકાંઠા જિલ્લામાં એક સ્થળેથી બીજા સ્થળે મુસાફરો ભરીને જતા ઈકો, બોલેરો જીપ, રિક્ષામાં અનેક વાહન ચાલકો ક્ષમતા કરતા વધુ મુસાફરો બેસાડીને વહન કરે છે.

## દેશોતર ચોકડી નજીક ટ્રેકટર અને કાર વચ્ચે અકસ્માત : એકનું મોત

। પ્રતિનિધિ, હિંમતનગર, તા.૧૯ ।

ઇડર તાલુકાના જાદર પોલીસ સ્ટેશનની હદમાં આવેલ દેશોતર ચોકડી નજીક બે દિવસ અગાઉ ટ્રેકટર અને કાર વચ્ચે થયેલા અકસ્માતમાં એક વ્યક્તિ નું મોત થયાની ફરિયાદ સોમવારે જાદર પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.આ અંગે અમદાવાદના નિકોલ વિસ્તારમાં આવેલ દેવકૃપા સોસાયટીમાં રહેતા નિકુંજકુમાર રાજેન્દ્રભાઇ પટેલે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ ગત તા.૧૭ નવેમ્બરના રોજ સાંજના સુમારે અજાણ્યા ટ્રેકટર ચાલકે પોતાનું ટ્રેકટર બેદરકારી પૂર્વક હંકારી લાવી સામેથી આવતી કાર ને ટક્કર મારતા અકસ્માત થયો હતો. જેથી કારમાં બેઠેલ સંજયભાઇ પટેલ તથા રાજેન્દ્રકુમાર વિઠ્ઠલભાઇ પટેલને ઈજા પહોંચી હતી. ત્યારબાદ બન્ને ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડાયા હતા. જયાં ગંભીર ઈજાને કારણે રાજેન્દ્રકુમાર વિઠ્ઠલભાઇ પટેલનું મોત નિપજયુ હતુ.

## તંત્રી લેખ..

# સુરક્ષા દળ સામે પડકાર

જમ્મુકાશ્મીરને ખાસ દરજ્જો આપનાર કલમ ૩૭૦ની નાબુદી સુરક્ષા દળો સામે જમ્મુ કાશ્મીરમાં અનેક પ્રકારના પડકારો હજુ આવી રહ્યા છે. થોડાક સમય માટે બ્રેકની સ્થિતી રહ્યા બાદ ફરી ત્રાસવાદીઓ સક્રિય દેખાઇ રહ્યા છે. સ્થાનિક પડકારોની સાથે સાથે સરહદ પર પણ નવા પડકારો રહેલા છે. આ કલમ નાબુદ કરવામાં આવ્યા બાદ એકબાજુ પાકિસ્તાને ઉશ્કેરણીજનક કૃત્યો કોરોના કાળમાં પણ યથાવતરીતે જારી રાખ્યા છે. સરહદ પર તે સ્થિતીનો લાભ લઇને વારંવાર ગોળીબાર કરે છે. જેમાં કેટલાક ભારતીય જવાનો શહીદ થયા છે. આ ઉપરાંત રાજયમાં જુદા જુદા સ્થળો પર હુમલા કરવાના તેના સમર્થકો દ્વારા પ્રયાસો જારી રાખવામાં આવ્યા છે. કાશ્મીરમાં સ્થાનિક લોકોની વચ્ચે છુપાયેલા તત્વોથી સાવધાન રહેવાની પણ સુરક્ષા દળોને જરૂર છે. સાથે સાથે લોકોની અંદર આત્મવિશ્વાસ પણ જગાવવાની જરૂર છે. કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ હવે સ્થિતી ધીમે ધીમે સામાન્ય બની રહી છે. અહીં છેલ્લા કેટલાક મહિનાથી હાલત કફોડી બનેલી હતી. પહેલા દરરોજ ત્રાસવાદી હુમલા કરવામાં આવી રહ્યા હતા. સ્થાનિક લોકો ત્રાસવાદીઓને પરોક્ષ રીતે મદદ કરી રહ્યા હતા. હજુ પણ ત્રાસવાદીઓને કેટલાક વિસ્તારોમાં સ્થાનિક લોકો આશરો આપી રહ્યા છે ત્યારે તેમની સામે નવા પડકારો ઉભા થઇ ગયા છે. આવી જટિલ સ્થિતી વચ્ચે સુરક્ષા દળોને સાવધાન રહેવાની જરૂર છે. હકીકતમાં વસ્તીના એક મોટા હિસ્સાની વિચારધારા અને તેમના વ્યવહારનો હિસ્સો બની ચુકેલી કોઇ પણ સમસ્યાને ઉકેલી દેવા માટે તાકાતની એક મોટી ભૂમિકા હોય છે પરંતુ સાથે સાથે તેને એકમાત્ર કારણ અને વિકલ્પ તરીકે જોઇને આગળ વધવાની બાબત યોગ્ય દેખાતી નથી. આના કારણે સમસ્યા વધારે ગંભીર બની જાય છે. કઠોર વલણની સાથે સાથે સમાયાતંર વાતચીતની પ્રક્રિયા જારી રાખીને જ બળ પ્રયોગનો કોઇ અર્થ નિકળી શકે છે. સમસ્યાની જડ બની ચુકેલા કેટલાક લોકોને વસ્તીથી અલગ કરવાની બાબત એક ચૂંટણી વલણ પણ હોય છે. કમનસીબ બાબત એ છે કે કાશ્મીરના સંબંધમાં છેલ્લા કેટલાક સમયથી વાતચીત માટેનો રસ્તો બંધ થયેલો છે. બલ્કે ચૂંટણી પ્રક્રિયાના પ્રયાસોમાં પણ ગંભીરતા દેખાઇ રહી નથી. છેલ્લી વિધાનસભાની ચૂંટણી બાદ બે લોકસભા સીટની પેટાચૂંટણી થઇ હતી. જેમાં ખુબ ઓછુ મતદાન થયુ હોવા છતાં ફારૂખ અબ્દુલ્લા વિજેતા બની ગયા હતા. ખાસ નોંધવા લાયક બાબત એ છે કે માત્ર લશ્કરી ઓપરેશન પર આધાર રાખીને અમે અમારા લશ્કરી બળોને પણ સંકટમાં મુકી રહ્યા છીએ. વર્તમાન સ્થિતીમાં કાશ્મીરમાં સેનાના પ્રયાસો છતાં સ્થિતી વધારે સુધરી નથી. જ્યાં સુધી શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી થશે નહીં ત્યાં સુધી સ્થિતીમાં નોંધપાત્ર સુધારો થઇ શકશે નહી.સ્થિતીને સુધારી દેવા અને તમામ પ્રકારની ચેતવણી આપવામાં આવી રહી હોવા છતાં પાકિસ્તાની સેના યુદ્ધવિરામનો ભંગ કરીને સ્થિતીને ખરાબ કરવાના પ્રયાસો સતત કરી રહી છે. પાકિસ્તાનને વારંવારની ચેતવણી આપવામાં આવી હોવા છતાં પાકિસ્તાને સતત ગોળીબાર જારી રાખ્યો છે.

# શરીરને પૌષ્ટિક તત્વો અતિ જરૂરી

શરીર માટે વિટામિન ડી અતિ જરૂરી હોય છે. વિટામિન ડી સાથે જોડાયેલી સમસ્યા કેટલીક બિમારીને આમંત્રણ આપે છે. જોઇન્ટની પિડા હાલના દિવસોમાં સામાન્ય સમસ્યા છે. દરેક વયના લોકો આ પિડા પિડાનો શિકાર થઇ રહ્યા છે. સામાન્ય રીતે વિટામિન ડીની કમીના કારણે આ સમસ્યા ઉભી થાય છે. હેરાની કરનાર બાબત એ છે કે શહેરોમાં રહેનાર આશરે ૮૦-૯૦ ટકા લોકો વિટામિન ડીની કમીની સમસ્યાથી ગ્રસ્ત રહે છે. અમે આજે ભાગદોડની લાઇફમાં અમે તાપમાં વધારે નિકળતા નથી. સાથે સાથે પૌષ્ટિક ભોજન પણ કરતા નથી. સમસ્યા એ પણ છે કે મોટા ભાગના લોકો આન માહિતી હોતી નથી. અથવા તો કેટલાક કેસમાં તો લોકો આને માનવા માટે તૈયાર થતા નથી. તાપમાં ન રહેવાના કારણે પણ આ સમસ્યા વધે છે. શરીરને મજબુતી આપનાર હાડકાને મજબુતી આપવા માટે વિટામિન ડીની ભૂમિકા ચાવીરૂપ હોય છે. કેટલીક મોટી બિમારીને પણ બચાવે છે. હાડકા એક ખાસ વય સુધી મજબુત હોય છે. વિટામિન ડી શરીરની રોગપ્રતિકારક ક્ષમતાને વધારે છે. નર્વ્સ અને મસલ્સને કોઓર્ડિનેશનને કન્ટ્રોલ કરે છે. કેન્સરને રોકવામાં પણ મદદરૂપ બને છે. નિષ્ણાંત તબીબો કહે છે કે કમજોર હાડકાને મજબુત થવામાં આશરે ૧૫૦ દિવસનો સમય લાગે છે. જ્યારે ખરાબ થવામાં માત્ર ૨૦ દિવસ લાગે છે. બાળકોમાં વિકાસને ગતિ આપવા માટે પણ વિટામિન ડીની ખુબ જરૂર હોય છે. પુરતા પ્રમાણમાં વિટામિન ડી લીધા બાદ તેની અસર સ્પષ્ટ પણે દેખાય છે. બાળકો હાલમાં આઉટડોર ગેમ વધારે રમતા નથી. સ્કુલથી આવતાની સાથે જ તેઓ મોબાઇલ અને ટીવી પર લાગી જાય છે. જેથી બાળકોમાં વિટામિન ડીની કમીની સમસ્યા રહે છે. પરસેવો નિકળે તેવા ગેમ બાળકો રમતા નથી જેથી સ્થુળતા પણ આવી જાય છે. એક વખતે સ્થુળતા આવી ગયા બાદ શરીરની શિથિલતા વધી જાય છે. ત્યારબાદ વિટામિન ડીની કમીનીશરૂઆત થઇ જાય છે. આ બાબત પણ જાણવી જરૂરી છે કે મહિલાઓની તુલનામાં વિટામિન ડીની કમી પુરૂષોમાં વધારે રહે છે.એક વ્યાપક અને રસપ્રદ અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામિન ડીના ઓછા પ્રમાણના કારણે ઘણી તકલીફો ઉભી થઇ શકે છે. વિટામિન ડીની અછત હાર્ટ સાથે સંબંધિત રોગ માટે પણ જવાબદાર છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામિન ડીનું પૂરતુ પ્રમાણ અતિ જરૂરી છે. ઓછુ પ્રમાણ ઘાતક બિમારીઓને આમંત્રણ આપી શકે છે. ૧૦ હજારથી વધુ દર્દીઓને આવરી લઇને કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામિન ડીની અછત ૭૦ ટકા લોકોમાં જોવા મળી છે અને તેમનામાં હાર્ટ સાથે સંબંધતિ રોગનો ખતરો વધારે રહે છે.

આજકાલ

લેખક : દીપક જગતાપ

**સ્કોટિસ સંશોધક, મિકેનિકલ એન્જિનિયર અને રસાયણ શાસ્ત્રી હતા**

**ગ્લાસગો યુનિવર્સિટીમાં ટૂલમેકર તરીકે કામ કરતી વખતે તેમને સ્ટીમ એન્જિનોના મિકેનિક્સમાં રસ પડ્યો હતો તેમણે શોધ્યું કે આધુનિક એન્જિન સિલિંડરોને વારંવાર ઠંડક અને ગરમી આપવાની પ્રક્રિયામાં ઘણી બધી શક્તિનો વ્યય થાય છે**

# સ્ટીમ એન્જિનના શોધક જેમ્સ વોટની સ્ટીમ એન્જિનની શોધથી ઔદ્યોગિક ક્ષેત્રમાં ક્રાંતિ આવી

**બ્રિટિશ રસાયણશાસ્ત્રી સ્મિથ અને ભૌતિકશાસ્ત્રી જોસેફ બ્લેક તેમના મિત્રો બની ગયા એક રાત્રે જેમ્સે સ્ટવ પર મૂકેલું વાસણ જોયું, જેમાં પાણી ઉકળતું હતું જેમ્સે જોયું કે વરાળને કારણે કિટલીનું ઢાંકણું ફરફરી રહ્યું છે**

સ્ટીમ એન્જિનના શોધક જેમ્સ વોટની સ્ટીમ એન્જિનની શોધથી ઔદ્યોગિક ક્ષેત્રમાં ક્રાંતિ આવી છે. એના માટે જેમ્સ વોટને અચૂક યાદ કરવા પડે.સ્ટીમ એન્જિનના શોધક જેમ્સ વોટની જન્મજયંતિ હમણાં જ જાન્યુઆરીમા ઉજવાઈ ગઈ.સ્ટીમ એન્જિનના શોધક જેમ્સ વોટનો જન્મ ૧૯ જાન્યુઆરી, ૧૭૩૬નાં રોજ સ્કોટલેન્ડના ગ્રીન લોક ખાતે થયો હતો.જેમ્સ વોટ એક સ્કોટિસ સંશોધક, મિકેનિકલ એન્જિનિયર અને રસાયણશાસ્ત્રી હતા.

ગ્લાસગો યુનિવર્સિટીમાં ટૂલમેકર તરીકે કામ કરતી વખતે તેમને સ્ટીમ એન્જિનોના મિકેનિક્સમાં રસ પડ્યો હતો.તેમણે શોધ્યું કે આધુનિક એન્જિન સિલિંડરોને વારંવાર ઠંડક અને ગરમી આપવાની પ્રક્રિયામાં ઘણી બધી શક્તિનો વ્યય થાય છે. ત્યારબાદ તેમણે એક ડિઝાઈનનું વિસ્તરણ કર્યું જે એક અલગ કન્ડેસર હતું.આ કન્ડેસરમાં ઊર્જાનો વ્યય થતો ન હતો અને તેમાં પણ એન્જિનની શક્તિ, કાર્યક્ષમતા વગેરેમાં પ્રભાવશાળી ફેરફાર જોવા મળ્યાં હતા. આ સાથે તેમણે હોર્સપ ાવર અને જૈં યુનિટ પાવરની કલ્પના પણ વિકસાવી હતી, જે આપણે તેમના નામ તરીકે જાણીએ છીએ.જ્યારે આપણે જેમ્સ વોટનો ઉલ્લેખ કરીએ છીએ ત્યારે પ્રથમ શબ્દ જે મનમાં આવે છે તે વરાળ એન્જિન છે. જેમ્સ વોટે ૧૭૬૯ માં સ્ટીમ એન્જિનની શોધ કરીને ઔદ્યોગિક ક્ષેત્રમાં ક્રાંતિ કરી. ઈન્ટરનેશનલ સિસ્ટમ ઓફ એનર્જીનું એકમ 'વોટ' પણ જેમ્સ વોટના નામ પરથી રાખવામાં આવ્યું છે.



**જીવન પરિચય**

જેમ્સ બાળપણથી જ ખૂબ જ ગંભીર સ્વભાવનો હતો. તેનામાં બાલિશ ચંચળતા બિલકુલ ન હતી. તેની રમતોમાં પણ એક અલગ પ્રકારની વિશિષ્ટતા જોવા મળી હતી. જેમ્સ હંમેશા નવી વસ્તુઓ તરફ આકર્ષિત થતો હતો.અને તેના તળિયે જવાનો પ્રયાસ કરતો હતો. જેમ્સ વોટના પિતા પણ કોન્ટ્રાક્ટર, જહાજના માલિક અને ગામના મુખ્ય જામીનદાર હતા. જેમ્સ વોટની માતા પણ ખૂબ જ શિક્ષિત હતી. વોટના દાદા થોમસ વોટ પણ ગણિતના શિક્ષક અને બેઈલી હતા. આ કારણોસર વોટના ઘરે વાતાવરણ એકદમ સારું હતું. વોટ તેના આઠ ભાઈ-બહેનોમાં છઠ્ઠો હતો

જેમ્સ વોટે પ્રારંભિક શિક્ષણ તેમના ઘરે મેળવ્યું હતું. બાદમાં તે ગ્રીનક ગ્રામર સ્કૂલમાં ગયો. જેમ્સ વોટ માટે શિક્ષણનો સૌથી મોટો સ્ત્રોત તેના પિતાની વર્કશોપ હતી. જ્યાં તેણે વહાણના સાધનો બનાવતા શીખ્યા. ત્યારથી, તેણે મશીનને લગતા તમામ નાના-મોટા સાધનોમાં રસ લેવાનું શરૂ કર્યું. ૧૭ વર્ષની ઉંમરે ગાણિતિક સાધન નિર્માતા બનવાનું નક્કી કરીને, વોટ પ્રથમ ગ્લાસગો ગયા. આ પછી ૧૭૫૫ માં, તેઓ લંડન ગયા અને શિક્ષણ મેળવ્યું. પરંતુ જેમ્સ વોટની તબિયત સતત કથળવાને કારણે તેઓ ગ્લાસગો પાછા ફર્યા. અહીં ૧૭૫૭માં તેમણે યુનિવર્સિટીમાં ગાણિતિક સાધનો (જેમ કે ચતુષ્કોણ, હોકાયંત્ર, ભીંગડા) બનાવવાની દુકાન ખોલી. આ દરમિયાન તે ઘણા વૈજ્ઞાનિકોને પણ મળ્યો. જે પછી બ્રિટિશ રસાયણશાસ્ત્રી સ્મિથ અને ભૌતિકશાસ્ત્રી જોસેફ બ્લેક તેમના મિત્રો બની ગયા. એક રાત્રે જેમ્સે સ્ટવ પર મૂકેલું વાસણ જોયું, જેમાં પાણી ઉકળતું હતું. જેમ્સે જોયું કે વરાળને કારણે કિટલીનું ઢાંકણું ફરફરી રહ્યું છે. તેણે વરાળની શક્તિને ઓળખી અને તેનો ઉપયોગ કરવાની યોજના બનાવી. આ દરમિયાન, તેને સુપ્રસ ગરમીની શોધની ઘટના વિશે જાણ થઈ, ત્યારબાદ તેનું ધ્યાન સ્ટીમ પાવર પર મજબૂત બન્યું.

**સ્ટીમ એન્જિનની શોધઃ**

એક સ્ટીમ એન્જિનનો, જેમાં પ્રગતિ ધીરે ધીરે, કદમ-બ-કદમ, એક એક પગથિયું ચડીને, સંજોગો પ્રમાણે ફેરફારો કરતાં રહીને થઈ છે. ૧૭૭૫માં જેમ્સ વોટના આવવા સુધીમાં તો આગળ કેટલાય માણસો કામ કરી ગયા હતા. પશુશક્તિ, પાણીશક્તિ, પવનશક્તિ અને અંતે ડચ વૈજ્ઞાનિક ક્રિશ્ટિયન હ્યુજેન્સે દારૂગોળાની શક્તિથી એન્જિન ચલાવવાની કોશિશ કરી હતી. પછી હ્યુજેન્સના સાથી ડેનિસ પેપીને પાણી ઉકાળીને, વરાળ ઠંડી કરીને એન્જિન ચલાવવાનો પ્રયત્ન કર્યો હતો. આઠ વર્ષ પછી થોમસ સેવરીએ કોશિશ કરી, પછી થોમસ ન્યુકોમેન નામના પ્લમ્બરે પ્રયાસ કર્યો. ન્યુકોમેનના એન્જિનની કોલસાની ખાણોમાં ભરાતું પાણી બહાર કાઢી શકાયું પછી જોન સ્પીટને એન્જિન બનાવ્યું, પણ એના એન્જિનમાંથી ઘણીખરી વરાળ બહાર છૂટી જતી હતી. છેવટે જેમ્સ વોટનું એન્જિન આવ્યું, જે વરાળથી ચાલતું હતું.

જેમ્સ વોટ પહેલા થોમસ ન્યુકોમેને સ્ટીમ એન્જિનની શોધ કરી હતી, પરંતુ તે બરાબર ચાલતું ન હતું. ૧૭૬૩ માં, તે સ્ટીમ એન્જિન રીપેર કરવા માટે વોટની વર્કશોપમાં આવ્યું. તેમાં માત્ર એક સિલિન્ડર હતું, જેમ્સ વોટે આ એન્જિનમાં વરાળ એકત્રિત કરવા માટે કન્ડેન્સર ઈન્સ્ટોલ કર્યું હતું. શૂન્ય સ્થિતિ જાળવવા માટે, પિસ્ટનની પેકિંગને સુધારી અને મજબૂત કરવામાં આવી હતી. અને એર પંપ સ્થાપિત કરવામાં આવ્યો હતો. આ કર્યા પછી જ એન્જિન પાવરફુલ બન્યું. આ રીતે જેમ્સ વોટ સ્ટીમ એન્જિન બનાવનાર પ્રથમ શોધક બન્યો. તેના એન્જિનમાં વધુ સુધારો કરીને, જેમ્સે તેનો ઉપયોગ ખાણોમાંથી પાણી કાઢવા માટે પણ કર્યો.

૧૭૮૨ માં, તેની સંશોધનાત્મક શક્તિઓની ઊંચાઈએ, તેણે ડબલ-એક્ટિંગ એન્જિનને પેટન્ટ કરાવ્યું, જેમાં પિસ્ટન દબાણ કર્યું તેમજ ખેંચ્યું. એન્જિનને પિસ્ટનને બીમ સાથે સખત રીતે જોડવાની નવી પદ્ધતિની જરૂર હતી. તેમણે સમાંતર ગતિની શોધ સાથે ૧૭૮૪ માં તે સમસ્યા હલ કરી—જોડાયેલ સળિયાની ગોઠવણ જે પિસ્ટન સળિયાને કાટખૂણે ગતિમાં માર્ગદર્શન આપે છે-જેને તેમણે "મેં રચિત મિકેનિઝમના સૌથી બુદ્ધિશાળી, સરળ ટુકડાઓમાંથી એક તરીકે વર્ણવ્યું છે."ચાર વર્ષ પછી બોલ્ટનના સૂચન પર, એન્જિનની ગતિના સ્વચાલિત નિયંત્રણ માટે કેન્દ્રત્યાગી ગવર્નરની તેમની અરજી, અને ૧૭૯૦ માં પ્રેશર ગેજની તેમની શોધ, વર્ચ્યુઅલ રીતે વોટ એન્જિન પૂર્ણ કર્યું.

**વસ્તી અંદાજ : વસ્તી વધીને ૧૪૭.૬ કરોડ સુધી પહોંચી જશે**

**વસ્તીની વધતી વર્તમાન ગતિને રોકીને અથવા તો તેને સ્થિર કર્યા વગર ભારત પોતાની અનેક જટિલ સમસ્યાઓમાંથી બહાર આવી શકે તેમ નથી ભારતમાં વર્તમાન સમયમાં અનેક સમસ્યા છે જે પૈકી મોટી સમસ્યા ગરીબી, ભ્રષ્ટાચાર અને સુશાસનની સમસ્યા પણ છે**

# ૨૦૩૦માં ભારતની વસ્તી ચીનથી વધુ

**વસ્તી નિયંત્રણના પ્રયાસોને જોતા એવી આશા કરી શકાય છે કે ભારતની વસ્તી પર નજીકના ભવિષ્યમાં ઘટવાની શરૂઆત થઇ જશે**

રોકટે ગતિથી દેશની વસ્તી વધી રહી છે. અતિ ઝડપથી વધી રહેલી વસ્તીના કારણે વિકાસ પર માઠી અસર થઈ રહી છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે રાષ્ટ્રીય સંશાધનો પૈકી એક મોટો હિસ્સો દેશની વિશાળ વસ્તીના ભરણપોષણ પર ખર્ચ થઈ જાય છે. જે ગતિથી વસ્તી વદી રહી છે તે ગંભીર સમસ્યા તરીકે છે.

વસ્તીની વધતી વર્તમાન ગતિને રોકીને અથવા તો તેને સ્થિર કર્યા વગર ભારત પોતાની અનેક જટિલ સમસ્યાઓમાંથી બહાર આવી શકે તેમ નથી. ભારતમાં વર્તમાન સમયમાં અનેક સમસ્યા છે. જે પૈકી મોટી સમસ્યા ગરીબી, ભ્રષ્ટાચાર અને સુશાસનની સમસ્યા પણ છે. સાથે સાથે ધાર્મિક વિવાદો પણ એક મોટી સમસ્યા તરીકે રહી છે. આવી સ્થિતીમાં વધતી જતી વસ્તીને લઈને એટલી ચિંતા કરવાની જરૂર શુ છે તે અંગે કેટલાક લોકો પ્રશ્ન કરે છે. આ સવાલનો સીધો જવાબ એ છે કે તમામ સમસ્યા વસ્તી સાથે જોડાયેલી છે. ઝડપથી વધી રહેલી વસ્તીના કારણે તમામ પ્રકારની સુવિધા લોકો સુધી પહોંચાડી દેવાની

બાબત સરળ નથી. રાષ્ટ્રીય સંશાધનો પૈકી એક મોટો હિસ્સો દેશની વસ્તીના ભરણપોષણમાં ખર્ચ થઈ જાય છે. જ્યારે આ સંશાધનોનો ઉપયોગ મુડીરોકાણ અને ઉત્પાદનને વધારી દેવામાં કરવામાં આવી શકે છે. શિક્ષણ, આરોગ્ય, સ્વચ્છતા, સુરક્ષિત પાણી જેવી મુળભુત અને જરૂરી સેવા પાછળ આ સંશાધનોનો ઉપયોગ કરવામાં આવી શકે છે. અતિ ઝડપથી વધી રહેલી વસ્તી દેશના વિકાસ પર અવિરત અને સીધી રીતે માઠી અસર કરે છે. વસ્તીની વર્તમાન ગતિને સ્થિર કરીને કેટલીક સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે. ભારતની વસ્તીને જોઈને દિમાગ ઘુમી જાય છે. વર્ષ ૧૯૪૭માં ભારતની વસ્તી ૩૩ કરોડ હતી. આ વસ્તી હવે ૨૦૨૨માં ૧૩૯ કરોડ સુધી પહોંચી ગઈ છે. છેલ્લા ૭૦ વર્ષના ગાળમાં ભારતની વસ્તીમાં ચાર ગણો વધારો થયો છે. દુનિયાની કુલ વસ્તીમાં હવે ભારતની હિસ્સેદાર ૧૭.૮ ટકાની આસપાસ છે. એટલે કે દુનિયામાં દરેક છઠ્ઠી વ્યક્તિ ભારતીય છે. ચીન જ એકમાત્ર એવુ દેશ છે જેમાં વસ્તી ભારત કરતા વધારે છે. ચીનની વસ્તી ભારત કરતા માત્ર સાત કરોડ જ વધારે છે. જ્યારે વર્ષ ૧૯૯૦માં ભારતની વસ્તી ૩૦.૨ કરોડ વધારે હતી.

ભારતમાં વસ્તીનો વાર્ષિક વદ્ધિ દર ૨૦૧૦-૧૫માં ૧.૨૪ ટકા પ્રતિ વર્ષે રહ્યો હતો. જ્યારે આ જ અવધિમાં ચીનનો વસ્તીનો વદ્ધિ દર વાર્ષિક ૦.૬૧ ટકા રહ્યો હતો. સંયુક્ત રાષ્ટ્ર વસ્તી વિભાગના લોકો કહે છે કે ૨૦૩૦ સુધીમાં ભારતની વસ્તી ચીન કરતા વધારે થઈ જશે. ચીન વસ્તીના મામલે પણ બીજા સ્થાને ફેંકાઈ જશે. વસ્તીના વૃદ્ધિ દરના આધાર પર મુકવામાં આવેલા અંદાજ મુજબ ભારતની વસ્તી વર્ષ ૨૦૩૦માં ૧૪૭.૬ કરોડથી વધારે થઈ જશે. જ્યારે ચીનની વસ્તીના સંબંધમાં અંદાજમાં કહેવામાં આવ્યુ છે કે આ વસ્તી એ વખતે ૧૪૫.૩ કરોડ સુધી પહોંચી ગયા બાદ ઘટવાની શરૂઆત થઈ જશે. હાલના મુલ્યાંકનના આધાર પર કહી શકાય છે કે ભારતની વસ્તી વર્ષ ૨૦૩૦માં ચીન કરતા વધારે પહોંચી જશે. વસ્તી નિયંત્રણના પ્રયાસોને જોતા એવી આશા કરી શકાય છે કે ભારતની વસ્તી પર નજીકના ભવિષ્યમાં ઘટવાની શરૂઆત થઈ જશે. હાલના મુલ્યાંકનના આધાર પર કહી શકાય છે કે ભારતની વસ્તી વર્ષ ૨૦૩૦માં ચીન કરતા વધારે પહોંચી જશે. વસ્તી નિયંત્રણના પ્રયાસોને જોતા એવી આશા કરી શકાય છે કે ભારતની વસ્તી પર નજીકના ભવિષ્યમાં ઘટવાની શરૂઆત થઈ જશે. જો તે વાસ્તવિકતા એ છે કે ભારતની વસ્તી તો વધુ વધશે. વર્ષ ૨૦૬૦માં અમારી વસ્તી તો ૧૭૦ કરોડના આંકડા સુધી પહોંચી જશે. આનુ મુખ્ય કારણ એ છે કે ભારતની વસ્તીમાં યુવાનોની સંખ્યા હાલમાં વધારે છે. વસ્તીના સતત વધી રહેલા આંકડા પરથી કહી શકાય છે કે દેશની વસ્તીમાંથી ૩૧ ટકા લોકોની વય ૦-૧૪ વર્ષની હતી. આવી સ્થિતીમાં વસ્તી ઘટીને એક અબજ પર આવે તેવી આશા રાખી શકાય નહી. ભારતની વસ્તીને જો કાબુમાં લેવામાં નહીં આવે તો તેની માઠી અસર દેશના વિકાસ પર થશે. વિકાસની અસર લોકોમાં દેખાશે નહી. શિક્ષણ અને આરોગ્ય પર તેની અસર થશે. ભવિષ્યને ઉજ્જવળ બનાવી શકાશે નહી.

# વસ્તી પર નિયંત્રણ કર્યા વગર ભારત પોતાની વર્તમાન સમસ્યાઓનો ઉકેલ લાવી શકે નહીં : હાલમાં વસ્તી વધીને ૧૩૫ કરોડ થઇ

રોકટે ગતિથી દેશની વસ્તી વધી રહી છે. અતિ ઝડપથી વધી રહેલી વસ્તીના કારણે વિકાસ પર માઠી અસર થઈ રહી છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે રાષ્ટ્રીય સંશાધનો પૈકી એક મોટો હિસ્સો દેશની વિશાળ વસ્તીના ભરણપોષણ પર ખર્ચ થઈ જાય છે. જે ગતિથી વસ્તી વદી રહી છે તે ગંભીર સમસ્યા તરીકે છે.

વસ્તીની વધતી વર્તમાન ગતિને રોકીને અથવા તો તેને સ્થિર કર્યા વગર ભારત પોતાની અનેક જટિલ સમસ્યાઓમાંથી બહાર આવી શકે તેમ નથી. ભારતમાં વર્તમાન સમયમાં અનેક સમસ્યા છે. જે પૈકી મોટી સમસ્યા ગરીબી, ભ્રષ્ટાચાર અને સુશાસનની સમસ્યા પણ છે. સાથે સાથે ધાર્મિક વિવાદો પણ એક મોટી સમસ્યા તરીકે રહી છે. આવી સ્થિતીમાં વધતી જતી વસ્તીને લઈને એટલી ચિંતા કરવાની જરૂર શુ છે તે અંગે કેટલાક લોકો પ્રશ્ન કરે છે. આ સવાલનો સીધો જવાબ એ છે કે તમામ સમસ્યા વસ્તી સાથે જોડાયેલી છે. ઝડપથી વધી રહેલી વસ્તીના કારણે તમામ પ્રકારની સુવિધા લોકો સુધી પહોંચાડી દેવાની બાબત સરળ નથી. રાષ્ટ્રીય સંશાધનો પૈકી એક મોટો હિસ્સો દેશની વસ્તીના ભરણપોષણમાં ખર્ચ થઈ જાય છે. જ્યારે આ સંશાધનોનો ઉપયોગ મુડીરોકાણ અને ઉત્પાદનને વધારી દેવામાં કરવામાં આવી શકે છે. શિક્ષણ, આરોગ્ય, સ્વચ્છતા, સુરક્ષિત પાણી જેવી મુળભુત અને જરૂરી સેવા પાછળ આ સંશાધનોનો ઉપયોગ કરવામાં આવી શકે છે.

અતિ ઝડપથી વધી રહેલી વસ્તી દેશના વિકાસ પર અવિરત અને સીધી રીતે માઠી અસર કરે છે. વસ્તીની વર્તમાન ગતિને સ્થિર કરીને કેટલીક સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે. ભારતની વસ્તીને જોઈને દિમાગ ઘુમી જાય છે. વર્ષ ૧૯૪૭માં ભારતની વસ્તી ૩૩ કરોડ હતી. આ વસ્તી હવે ૨૦૨૨માં ૧૩૯ કરોડ સુધી પહોંચી ગઈ છે. છેલ્લા ૭૦ વર્ષના ગાળમાં ભારતની વસ્તીમાં ચાર ગણો વધારો થયો છે. દુનિયાની કુલ વસ્તીમાં હવે ભારતની હિસ્સેદાર ૧૭.૮ ટકાની આસપાસ છે. એટલે કે દુનિયામાં દરેક છઠ્ઠી વ્યક્તિ ભારતીય છે. ચીન જ એકમાત્ર એવુ દેશ છે જેમાં વસ્તી ભારત કરતા વધારે છે. ચીનની વસ્તી ભારત કરતા માત્ર સાત કરોડ જ વધારે છે. જ્યારે વર્ષ ૧૯૯૦માં ભારતની વસ્તી ૩૦.૨ કરોડ વધારે હતી. ભારતમાં વસ્તીનો વાર્ષિક વદ્ધિ દર ૨૦૧૦-૧૫માં ૧.૨૪ ટકા પ્રતિ વર્ષે રહ્યો હતો. જ્યારે આ જ અવધિમાં ચીનનો વસ્તીનો વદ્ધિ દર વાર્ષિક ૦.૬૧ ટકા રહ્યો હતો. સંયુક્ત રાષ્ટ્ર વસ્તી વિભાગના લોકો કહે છે કે ૨૦૩૦ સુધીમાં ભારતની વસ્તી ચીન કરતા વધારે થઈ જશે. ચીન વસ્તીના મામલે પણ બીજા સ્થાને ફેંકાઈ જશે.

વસ્તીના વૃદ્ધિ દરના આધાર પર મુકવામાં આવેલા અંદાજ મુજબ ભારતની વસ્તી વર્ષ ૨૦૩૦માં ૧૪૭.૬ કરોડથી વધારે થઈ જશે. જ્યારે ચીનની વસ્તીના સંબંધમાં અંદાજમાં કહેવામાં આવ્યુ છે કે આ વસ્તી એ વખતે ૧૪૫.૩ કરોડ સુધી પહોંચી ગયા બાદ ઘટવાની શરૂઆત થઈ જશે. હાલના મુલ્યાંકનના આધાર પર કહી શકાય છે કે ભારતની વસ્તી વર્ષ ૨૦૩૦માં ચીન કરતા વધારે પહોંચી જશે. વસ્તી નિયંત્રણના પ્રયાસોને જોતા એવી આશા કરી શકાય છે કે ભારતની વસ્તી પર નજીકના ભવિષ્યમાં ઘટવાની શરૂઆત થઈ જશે. જો તે વાસ્તવિકતા એ છે કે ભારતની વસ્તી તો વધુ વધશે. વર્ષ ૨૦૬૦માં અમારી વસ્તી તો ૧૭૦ કરોડના આંકડા સુધી પહોંચી જશે. આનુ મુખ્ય કારણ એ છે કે ભારતની વસ્તીમાં યુવાનોની સંખ્યા હાલમાં વધારે છે. વસ્તીના સતત વધી રહેલા આંકડા પરથી કહી શકાય છે કે દેશની વસ્તીમાંથી ૩૧ ટકા લોકોની વય ૦-૧૪ વર્ષની હતી.

આવી સ્થિતીમાં વસ્તી ઘટીને એક અબજ પર આવે તેવી આશા રાખી શકાય નહી. ભારતની વસ્તીને જો કાબુમાં લેવામાં નહીં આવે તો તેની માઠી અસર દેશના વિકાસ પર થશે. વિકાસની અસર લોકોમાં દેખાશે નહી. શિક્ષણ અને આરોગ્ય પર તેની અસર થશે. ભવિષ્યને ઉજ્જવળ બનાવી શકાશે નહી. જેથી ગંભીર વસ્તી વિસ્ફોટ પર અંકુશ મુકવા માટે ગંભીર પ્રયાસો જરૂરી છે. વસ્તી વિસ્ફોટની જટિલ બની રહેલી સમસ્યા માત્ર ભારતમાં જ નહી બલ્કે દુનિયાના અન્ય દેશોમાં પણ છે. જેમાં ચીન પણ સામેલ હોવાની વાત કરવામાં આવી રહી છે.

Cyber Octet™

# CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

## BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

# માંડુ-ધી સીટી ઓફ જોય, એક અદભૂત, નયનરમ્ય સ્થળ જ્યાં વાદળો જમીન પર ઉતરે છે...

મધ્ય પ્રદેશનું પ્રાચીન શહેર માંડુ તેની ઐતિહાસિક ધરોહર માટે જાણીતું છે. માલવા અને નિમાર પ્રદેશના મુખ પર ટેકરી પર વસેલા આ નગર સાથે ઈતિહાસની ઘણી વાર્તાઓ જોડાયેલી છે. પરંતુ, સૌથી વધુ ચર્ચા રાણી રૂપમતી અને રાજા બાઝ બહાદુરના અમર પ્રેમની છે.

અહીંનો દરેક પથ્થર ઈતિહાસમાં નોંધાયેલી આ બે પ્રેમીઓની વાર્તા કહે છે. સુલતાનોના સમયમાં તે શાદીયાબાદ તરીકે પ્રખ્યાત હતું. જેનો અર્થ હતો 'સુખનું શહેર'. હાલમાં તેને માંડવ અથવા માંડવગઢ કહેવામાં આવે છે. અહીં પથ્થરોથી બનેલા ઘણા વિશાળ મહેલ અને તળાવો છે. તેમની પ્રાચીનતા સાથે, તેઓ તેમની સુંદરતા અને સ્થાપત્ય માટે પણ જાણીતા છે.

આ નાના શહેરમાં મોટાભાગના સ્મારકો 15મી અને 16મી સદીના છે. માંડુનો સૌથી જૂનો સંદર્ભ સંસ્કૃત શિલાલેખમાં છે, જ્યારે તેને મંડપ-દુર્ગા કહેવામાં આવતું હતું. વાસ્તવમાં આ નામ જ આ સ્થળને સાર્થક બનાવે છે.

મધ્યપ્રદેશના લીલાછમ જંગલો અને માતા નર્મદાના મનોહર કિનારાઓ માંડુને માળવાનું સ્વર્ગ બનાવે છે. અહીંના ખંડેર અને ઈમારતો આપણને ઈતિહાસની એક બારી આપે છે જેમાં આપણે માંડુના શાસકોના વિશાળ, સમૃદ્ધ વારસા અને ભવ્યતા સાથે રૂબરૂ થઈએ છીએ. કહેવાય છે કે અહીંના ખંડેરના પથ્થરો પણ વાર્તાઓ બોલે છે અને કહે છે. આ સ્થળે એટલા શાંતિ પ્રવર્તે છે કે આપણને ક્યારેક નવાઇ લાગે કે શું એટલી પણ શાંતિ હોય છે...!

માંડુ ખરેખર રહસ્યોથી ભરેલું છે. અંગ્રેજો તેને 'સિટી ઓફ જોય' કહેતા રહ્યા. અદ્ભુત સ્થાપત્ય રચનાઓ માંડુમાં પથરાયેલી છે, જે દેશ અને વિશ્વ માટે એક વારસો છે. અહીંની ઈમારતો શાસકોની કલાત્મક વિચારસરણી, સમૃદ્ધ વારસો અને ભવ્યતાનું દર્પણ છે. માંડુને એક અભેદ્ય કિલ્લો પણ માનવામાં આવતો હતો જેમાં દુશ્મનો ક્યારેય પ્રવેશ કરી શકતા ન હતા.

રાજપૂત પરમાર શાસકો પણ બહારના હુમલાઓથી બચાવવા માટે માંડુને સુરક્ષિત કિલ્લો માનતા હતા. માંડુમાં પહાડોની વચ્ચેની હરિયાળી પ્રવાસીઓને આકર્ષે છે. પરંતુ, વરસાદની મોસમમાં તેની સુંદરતા અદ્ભુત હોય છે. આ જ કારણ છે કે વરસાદ દરમિયાન પ્રવાસીઓની ભીડ અનેકગણી વધી જાય છે. અહીં વાદળો જમીન પર ઉતરે છે.

### રૂપમતી મંડપ

આ મહેલ પાછળની વાર્તા પ્રેમની છે. રૂપમતીનો આ મહેલ માંડવમાં સૌથી વધુ ઉંચાઈ પર બનેલો છે. માંડવના છેલ્લા સ્વતંત્ર રાજા, બાઝ બહાદુર, રૂપમતી સાથે પ્રેમમાં પડ્યા, એક સુંદર ગોવાળિયો જે એક અદ્ભુત ગાયિકા પણ હતી. તેણે તેણીને તેની સાથે મહેલમાં આવવા સમજાવી અને તેની શરત સાથે સંમત થયા કે તેનો મહેલ આદરણીય નર્મદા નદીની સામે હોવો જોઈએ. એ જ રીતે રેવા કુંડનો પાયો નાખવામાં આવ્યો. નર્મદાના દર્શન કર્યા પછી જ રૂપમતી દરરોજ અન્ન-જળનું સેવન કરતી હતી. વાદળો કે ધુમ્મસના કારણે નર્મદાના દર્શન ન થઈ શકે તેવી પરિસ્થિતિનો સામનો કરવા માટે રૂપમતી મહેલમાં જ રેવા કુંડ બનાવવામાં આવ્યો હતો,

### જહાજ મહેલ

'ફ્લોટિંગ પેલેસ' અથવા 'જહાજ મહેલ' તેની અનન્ય બાંધકામ શૈલીને કારણે જાણીતો હતો. તે માનવસર્જિત તળાવની મધ્યમાં ઉભું છે, તેને તરતાનું દૈવી દૃશ્ય આપે છે. એવું માનવામાં આવે છે કે ગિયાસુદ્દીન ખિલજીએ તેની રાણીઓ માટે તેને બનાવ્યું હતું. તે ખંડેર શહેરમાં સૌથી વિસ્તૃત હાલની રચનાઓમાંની એક છે અને તેનું બાંધકામ પણ જહાજથી પ્રેરિત હતું.

### હિંડોળા મહેલ....

માંડુના શાહી મહેલ સંકુલમાં હિંડોલા મહેલ અથવા સ્વિંગિંગ પેલેસનો પણ સમાવેશ થાય છે, જે ટી-આકારનું માળખું છે. તે માંડુના સ્થાપત્યનું ઉત્તમ ઉદાહરણ છે. આ ઈમારત શાહી દરબાર અથવા મીટિંગ હોલ તરીકે સેવા આપતી હતી અને તેની ત્રાંસી દિવાલો માટે જાણીતી છે જે તેના બાહ્ય ભાગને અલગ બનાવે છે.

### બાઝ બહાદુરનો મહેલ....

રેવા કુંડની પૂર્વમાં પહાડી ઢોળાવ પર સ્થિત રાજા બાઝ બહાદુરનો મહેલ છે, જે કલા અને સ્થાપત્યના પ્રચારક હતા. તેમણે રાગ દીપકમાં નિપુણતા મેળવી હોવાનું માનવામાં આવે છે. રાજા આ મહેલનો ચાહક બની ગયો હતો કારણ કે તેમાં રેવા કુંડનો અવિરત નજારો હતો, જેને જોવા માટે રૂપમતી આવતી હતી.

ચંપા સ્ટેપવેલ (ભૂગર્ભ ચેમ્બરોનો મહેલ)

માંડવ આર્કિટેક્ચરનું સૌથી અનોખું પાસું એ છે કે શાહી સંકુલમાં પાણીના પુલ અને સ્ટેપવેલના નિર્માણ દ્વારા જળ સંચયની તકનીકોનો સમાવેશ થાય છે. સૌથી નોંધપાત્ર ચંપા સ્ટેપવેલ છે, જે પેલેસ ઓફ અંડરગ્રાઉન્ડ ચેમ્બર તરીકે પણ ઓળખાય છે.

પહોંચવા અને ફરવા માટે સરળ રસ્તો....

મુંબઈ-દિલ્હી માર્ગ પર સ્થિત ઈન્દોરથી લગભગ 100 કિમીનો સીધો માર્ગ છે. ગુજરાતથી માંડુ કે માંડવ ગઢ જવા માટે દાહોદ થઈને એમપીના ધારથી એક રસ્તો માંડુ માટે ફંટાય છે.ગુજરાતથી આ સ્થળ નજીક કહી શકાય. જ્યાં વિશાળ દરવાજા તમારું સ્વાગત કરે છે. પાંચ કિમીની ત્રિજ્યામાં લગભગ 12 પ્રવેશદ્વાર બાંધવામાં આવ્યા છે. આમાં સુલતાન અથવા દિલ્હી દરવાજાને મુખ્ય ગણવામાં આવે છે. તેને માંડુનો પ્રવેશ દ્વાર પણ કહેવામાં આવે છે.

તે 1405 અને 1407 ની વચ્ચે બાંધવામાં આવ્યું હોવાનું કહેવાય છે. આ પછી આલમગીર દરવાજા, ગાડી દરવાજા, તારાપુર દરવાજા આવે છે. કાળા પથ્થરોથી બનેલા આ દરવાજાઓમાંથી પસાર થઈને પ્રવાસીઓ માંડુમાં પ્રવેશ કરે છે. આ સાથે, હરિયાળીથી ઢંકાયેલી મનોહર ખીણોની વચ્ચે, ઈતિહાસની સાક્ષી આપતી ઈમારતો એક પછી એક નજરે પડે છે.

મંદિરો અને મહેલોનો સંગમ

માંડુમાં ભગવાન રામની ચાર હાથવાળી પ્રતિમા પણ સ્થાપિત છે, જે દુર્લભ અને મહત્વપૂર્ણ માનવામાં આવે છે. મંદિરની નજીક બનેલો આ મહેલ શાહ બદગા ખાને અકબરની હિન્દુ પત્ની માટે બંધાવ્યો હતો. તેની દિવાલો પર અકબર કાળની કલાના નમૂનાઓ જોઈ શકાય છે.

# સાવધાન..!! સનગ્લાસ ખરીદતા પહેલા ધ્યાન રાખો

## UVA અને UVB કિરણો આંખની સપાટીની પેશીઓ, કોર્નિયા અને લેન્સને નુકસાન પહોંચાડી શકે છે



ઉનાળાની ઋતુમાં સૂર્યના કિરણોનો પ્રકોપ વધુ હોય છે. આવી સ્થિતિમાં કેટલીકવાર સામે કંઈપણ જોવું મુશ્કેલ બની જાય છે. તેનું કારણ સૂર્યપ્રકાશનું તેજ છે. લોકો સૂર્યપ્રકાશની રોશનીથી બચવા સનગ્લાસ પહેરે છે. ઉનાળાની ઋતુ આવી ગઈ છે, તેથી તડકાથી બચવા માટે સનગ્લાસ પહેરવા પડી રહ્યા છે. સનગ્લાસ પહેરવાથી આંખો પર સીધી રીતે સૂર્યપ્રકાશના સંપર્કમાં આવતી નથી, જેના કારણે તમે સૂર્યપ્રકાશમાં પણ સરળતાથી જોઈ શકો છો.

તે આંખોને સૂર્યના અલ્ટ્રાવાયોલેટ કિરણો અને તેજસ્વી પ્રકાશથી સીધા તમારી આંખો સુધી પહોંચવાથી સુરક્ષિત કરે છે. UVA અને ખાસ કરીને UVB કિરણો આંખની સપાટીની પેશીઓ, કોર્નિયા અને લેન્સને નુકસાન પહોંચાડે છે, જે સમય જતાં આંખ અને દ્રષ્ટિની ઘણી સમસ્યાઓ તરફ દોરી શકે છે. આજકાલ બજારમાં ઘણા પ્રકારના સનગ્લાસ ઉપલબ્ધ છે.ઘણા લોકો બજારમાં કોઈપણ ડાર્ક કલરના સનગ્લાસ ખરીદે છે પરંતુ એવું કરવાનું ટાળવું જોઈએ. અમેરિકન એકેડેમી ઑફ ઑપ્થેલ્મોલોજી અનુસાર, કોઈપણ સનગ્લાસ ખરીદતા પહેલા કેટલીક બાબતોનું ધ્યાન રાખવું જોઈએ જેથી કરીને તમે તમારી આંખોની સુરક્ષા માટે સારા સનગ્લાસ ખરીદી શકો.

■ **100 ટકા યુવી બ્લોકવાળા સનગ્લાસ ખરીદો**

સનગ્લાસ ખરીદતી વખતે ખાતરી કરો કે તે 100 ટકા યુવી કિરણોને રોકે છે અને તેમાંથી રક્ષણ પૂરું પાડે છે. કેટલાક સનગ્લાસમાં 400 NM સુધી યુવી બ્લોકિંગ હોવાનો દાવો કરવામાં આવે છે, તે માત્ર 100 ટકા યુવીને રોકનાર સનગ્લાસ હોય છે.

■ **ઘાટા રંગનો અર્થ નથી**

સનગ્લાસ ખરીદતી વખતે તેના રંગ પર ન જાઓ. ઘાટા રંગના ચશ્માનો અર્થ એ નથી કે ચશ્મા જેટલા ઘાટા હશે, તે તમારી આંખો માટે વધુ સુરક્ષિત રહેશે. માત્ર 100 ટકા યુવી પ્રોટેક્શનવાળા સનગ્લાસ યુવી કિરણોથી રક્ષણ આપે છે.

■ **પોલરાઈઝ્ડ લેન્સ માત્ર ચમક ઓછી કરે છે**

પોલરાઈઝ્ડ લેન્સ પાણી અથવા રસ્તા જેવી પ્રતિબિંબીત સપાટીઓ પરથી પ્રતિબિંબિત થતી ઝગઝગાટને ઘટાડવા માટે રચાયેલ છે. તેઓ યુવી રક્ષણ પૂરું પાડતા નથી. તેથી, એવું ન વિચારો કે તમે પોલરાઈઝ્ડ લેન્સ વડે યુવી કિરણોથી તમારી જાતને બચાવી શકો છો. આ માટે તમે બજારમાંથી યુવી પ્રોટેક્શનવાળા પોલરાઈઝ્ડ લેન્સવાળા સનગ્લાસ ખરીદી શકો છો.

■ **લેન્સ ગુણવત્તા**

બિન-પ્રિસ્ક્રિપ્શન સનગ્લાસ ખરીદતા પહેલા કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે. ઉદાહરણ તરીકે, સનગ્લાસ પહેરો અને સપાટ જગ્યાએ જાઓ અને જુઓ કે ફ્લોર તમને દેખાય છે કે નહીં. બંને લેન્સ સમાન છે, એકનો રંગ ઘાટો છે અને બીજો પ્રકાશ છે.

■ **રંગ વાંધો નથી**

રંગીન લેન્સવાળા સનગ્લાસ સૂર્યને એટલું અવરોધતા નથી. જો કે, ભૂરા અથવા ગુલાબી રંગના લેન્સ વધુ વિરોધાભાસી પ્રકાશ પ્રદાન કરે છે. ગોલ્ફ અથવા બેઝબોલ જેવી રમતોમાં રમતવીરો સમાન સનગ્લાસ પહેરે છે. સનગ્લાસમાં લેન્સ પર મિરર ફિનિશનું સ્તર હોય છે જે પ્રકાશને આંખોમાં પ્રવેશતા અટકાવે છે પરંતુ તેનો અર્થ એ નથી કે તે તમારી આંખોને યુવી પ્રકાશથી સંપૂર્ણપણે સુરક્ષિત કરે છે.

■ **સનગ્લાસનું કદ**

તમને સૂર્યથી બચાવવા માટે, મોટા કદના સનગ્લાસ પહેરવા મહત્વપૂર્ણ છે જેથી સૂર્યમાંથી નીકળતા યુવી કિરણોને તમારી આંખોમાં પ્રવેશતા અટકાવી શકાય

# ફંગલ ઈન્ફેક્શનની સમસ્યા જડમુળથી ખતમ કરવા અજમાવો આ ઘરેલુ નુસખા

ફંગલ ઈન્ફેક્શન એક વ્યક્તિમાંથી બીજામાં ફેલાય છે. આ ઈન્ફેક્શન દરેક ઉંમરના વ્યક્તિને થાય છે. ઉનાળાની ઋતુમાં તેનો ખતરો વધી જાય છે. કેમ કે પરસેવાના કારણે સંક્રમણ વધુ ફેલાય છે. અનેક પ્રકારના ફંગલ ઈન્ફેક્શન થઈ શકે છે. જે લોકો શરીરની સફાઈ નથી રાખતા, જેમની રોગ-પ્રતિકારક શક્તિ ઓછી છે તેમને આ ઈન્ફેક્શનનો ખતરો વધુ રહે છે. એવામાં તેનાથી બચવા નીચે જણાવેલ કેટલાક ઘરેલું ઉપચાર ખૂબ કામ આવે છે.

**દહીં** | દહીંનું સેવન ફંગલ ઈન્ફેક્શનમાં ખૂબ ફાયદાકારક સાબિત થાય છે. દહીંમાં રહેલ ગુડ બેક્ટેરિયા એટલે કે પ્રોબાયોટિક ફેક્ટર તમારા પેટના સ્વાસ્થ્ય માટે ગુણકારી હોય છે. સારા બેક્ટેરિયા રોગપ્રતિકારક શક્તિ વધારે છે.

**લીમડો** | લીમડાના પત્તાને વાટીને તેની પેસ્ટ સંક્રમિત એરિયા પર લગાવવાથી ફંગલ ઈન્ફેક્શન મટી જાય છે. કેમ કે લીમડામાં અનેક ઈન્ફેક્શન અને એલર્જી મટાડવાના ગુણ હોય છે.

**લસણ** | લસણમાં એન્ટી બેક્ટેરિયલ અને એન્ટીફંગલ ગુણ હોય છે. તેનાથી દરેક પ્રકારના ઈન્ફેક્શનથી લડવામાં મદદ મળે છે. તેનું દરરોજ સેવન કરવાથી ઈન્ફેક્શનનો ખતરો રહેતો નથી. ઈન્ફેક્શનવાળા એરિયા પર પણ લસણની પેસ્ટ લગાવી શકો છો.

**તુલસી** | તુલસીમાં પણ એન્ટી બેક્ટેરિયલ અને એન્ટી વાયરલ ગુણ હોય છે. જેનાથી ઈન્ફેક્શન તરત જ મટે છે. તુલસીના પત્તાને વાટીને પેસ્ટ બનાવી સંક્રમિત એરિયા પર લગાવવાથી આરામ મળે છે.

**હળદર** | હળદરમાં સામેલ એન્ટી સેપ્ટિક, એન્ટી બાયોટિક અને એન્ટીફંગલ ગુણ ફંગલ ઈન્ફેક્શનથી બચવામાં ઉપયોગી સાબિત થાય છે. હળદરવાળું દૂધ ઈન્ફેક્શનવાળી જગ્યાએ લેપની માફક લગાવી શકાય છે. તેનાથી તરત સમસ્યાથી રાહત મળે છે.

# સીડી ચડવાની પ્રેક્ટિસથી શું હાર્ટ એટેકનું જોખમ ઘટી શકે ?

લિફ્ટ યુઝ કરવી અને સીડી ચડવી, આ બન્ને માંથી તમે કયો ઓપ્શન પસંદ કરો છો? નેક્સ્ટ ટાઈમ લિફ્ટનું બટન પ્રેસ કરતા પહેલા થોભજો અને સીડી ચડવાનો પ્રયત્ન કરજો, આ પ્રેક્ટિસ એટલા માટે કરવાની ભલામણ કરવામાં આવે છે કારણ કે, તે તમને ફિટ રાખવામાં મદદ કરે છે અને હાર્ટ અટેકનું જોખમ અને હૃદયના રોગોને અટકાવી શકે છે. આવું એક અભ્યાસ માં જાણવા મળ્યું છે,

યુકેના સંશોધકોએ શોધી કાઢ્યું છે કે દાદરા ન ચડવાનર લોકોની સરખામણીમાં દાદરા ચડવાનર લોકોમાં કાર્ડિયોવેસ્ક્યુલર રોગથી મૃત્યુનું જોખમ 39 ટકા ઘટે છે. ડૉક્ટર ,અભ્યાસ લેખક અને યુનિવર્સિટી ઓફ ઈસ્ટ એંગ્લિયા, નોર્વિચ યુનિવર્સિટી હોસ્પિટલ ફાઉન્ડેશન ટ્રસ્ટ અને નોર્ફોકના ફેકલ્ટી સભ્યએ જણાવ્યું હતું કે, "થોડીવાર ફિઝિકલ એકટીવટી કરવાથી પણ સ્વાસ્થ્ય પર ફાયદાકારક અસર થાય છે અને તમે ડેઈલી રૂટિનમાં દાદર ચડવાએ ટાર્ગેટ રાખી શકો છો."અભ્યાસ હેલ્થી લોકો તેમજ હાર્ટ એટેક અથવા હાર્ટને લગતી અન્ય બીમારીનો ઈતિહાસ ધરાવતા લોકોનો સમાવેશ થાય છે. અભ્યાસમાં સીડી ન ચડતા લોકોની સરખામણીમાં સીડી ચડતા લોકોમાં મૃત્યુનું જોખમ 24 ટકા ઓછું હતું. સીડી ચડનારાને કાર્ડિયોવેસ્ક્યુલર રોગથી પણ મૃત્યુનું જોખમ 39 ટકા ઓછું હતું અને હાર્ટ એટેક, હાર્ટ ફેલ્યોર અથવા સ્ટ્રોક થવાનું જોખમ ઓછું હતું.

મણિપાલ હોસ્પિટલના ડૉ. કહે છે, " આ એક એવી કાર્ડિયોવેસ્ક્યુલર કસરત છે જેના માટે તમારે જીમમાં જવું પડતું નથી. આ કસરત તમારું હૃદય, ફેફસાં અને સ્નાયુઓને વારાફરતી એક્ટિવ કરે છે. જ્યારે જીમમાં તમે ફક્ત તમારા બાઈસેપ્સ અથવા ટ્રાઈસેપ્સ પર જ કામ કરી રહ્યા છો. , દાદર ચડવું એ ક્વાડ્રિસેપ્સ, હેમસ્ટ્રિંગ્સ, અને હિપ સહિતના ઘણા મોટા સ્નાયુઓની કસરત થાય છે. તેથી વધુ કેલરી બળી જાય છે અને તમે દુર્બળ સ્નાયુ સમૂહમાં સુધારો કરો છો, જે મેટાબોલિઝમ અને બ્લડ સુગરના રેગ્યુલેશન માટે સારું છે."

સ્નાયુઓમાં લોહીમાંથી ઓક્સિજન બહાર કાઢવાની સારી ક્ષમતા હોય છે, જેનાથી હૃદયને વધુ લોહી પંપ કરવાની જરૂરિયાત ઓછી થાય છે. આ હૃદયના ધબકારા ધીમા કરે છે, બ્લડ પ્રેશર ઘટાડે છે, સ્ટ્રેસ હોર્મોન્સ ઘટાડે છે, બળતરા ઘટાડે છે, હાઈ-ડેન્સિટી લિપોપ્રોટીન વધે છે અને ટ્રાઈગ્લિસરાઈડ્સને કંટ્રોલ કરવામાં મદદ કરે છે, ટ્રાઈગ્લિસરાઈડ્સએ ફેટ છે જે લોહીમાં સર્ક્યુલેટ થાય છે.

કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલ અને મેડિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ,ના કન્સલ્ટન્ટ ડૉક્ટરના જણાવ્યા અનુસાર, દાદર ચડવું એ મધ્યમથી ઉચ્ચ તીવ્રતાની કસરત તરીકે યોગ્ય છે. "આ કસરતની સ્ટાઈલ તમારું VO2 મેક્સને વધારવા માટે દર્શાવવામાં આવી છે,. VO2 max એટલે જ્યારે તમે કસરત કરો છો ત્યારે મહત્તમ ઓક્સિજન યુઝ થાય છે. જેનો ઉપયોગ વ્યક્તિ તીવ્ર અથવા મહત્તમ કસરત દરમિયાન કરી શકે છે. વર્ક આઉટ દરમિયાન વ્યક્તિ જેટલો વધુ ઓક્સિજનનો ઉપયોગ કરી શકે છે, તેટલી વધુ એનર્જી રહે છે.

આ ઉપરાંત, સીડી ચડવું એ એવી કસરત છે જે બેલન્સ,ઓર્ડિનેશનઅને ગતિશીલતાને પ્રોત્સાહન આપે છે. જો કે, હેલ્થ એક્સપર્ટના સૂચવ્યા અનુસાર જે લોકોને ઘૂંટણની સમસ્યા છે અથવા આર્થરાઈટિસ છે તેમણે દાદર ચડવું ન જોઈએ કારણ કે તેનાથી દુખાવો વધી શકે છે. જે લોકોને હૃદયને લગતી સમસ્યા નથી તેઓ દિવસમાં બે કે ત્રણ વખત 10 થી 15 મિનિટ માટે એમ ચાર રાઉન્ડમાં સીડી ચઢી શકે છે. નિયમિત દાદર ચઢવાએ દરરોજ 45 મિનિટની મધ્યમ તીવ્રતાની કસરત સમાન ગણી શકાય છે. હેલ્થ એક્સપર્ટે કહ્યું કે, શરૂઆતમાં ધીમે ધીમે ઓછા દાદરા ચડવાની ભલામણ કરવામાં આવે છે પછી ધીમે ધીમે તમે સમયગાળો વધારી શકો છો."

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ફિલ્મનું શૂટિંગ ચાલી રહ્યું છે

# ટાઈગર શ્રોફની આગામી ફિલ્મ બાગી ૪નું પહેલું પોસ્ટર રિલીઝ

બોલિવૂડ એક્ટર ટાઈગર શ્રોફની બહુપ્રતિક્ષિત ફિલ્મ બાગી ૪ની રાહ હવે પૂરી થઈ ગઈ છે કારણ કે થોડા સમય પહેલા જ ફિલ્મનું પહેલું પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું છે, જેમાં ટાઈગર શ્રોફ ખૂબ જ ઉગ્ર અંદાજમાં જોવા મળી રહ્યો છે.બાગી ૪ ફિલ્મના પહેલા પોસ્ટરમાં ટાઈગર શ્રોફ ખૂબ જ વાઈલ્ડ લુકમાં જોવા મળી રહ્યો છે. આ પોસ્ટરમાં દર્શાવવામાં આવેલ ફિલ્મનું દ્રશ્ય શૌચાલય જેવું લાગે છે. આ તસવીરમાં ટાઈગર ટોઈલેટ પોટની ઉપર બેઠો છે અને તેના એક હાથમાં દારૂની બોટલ છે અને બીજા હાથમાં ખતરનાક સાધન છે. ટાઈગરના મોઢામાં સિગારેટ દબાયેલી છે અને તેના કપડા પર લોહી છે. આ નવા લૂકમાં ટાઈગર ખૂબ જ ટૂંકા વાળ સાથે જોવા મળી રહ્યો છે. ટાઈગરના શર્ટના બટન સંપૂર્ણપણે ખુલ્લા છે, જેના કારણે તેના એબ્સ સ્પષ્ટ દેખાઈ રહ્યા છે. વાઘની આસપાસ ઘણા લોકો જમીન પર મૃત હાલતમાં પડેલા જોવા મળે છે.બાગી ૪ ના શાનદાર પહેલા પોસ્ટરની સાથે એક ખાસ કેપ્શન પણ લખવામાં આવ્યું છે. બાગી ૪ના કેપ્શનમાં લખ્યું છે, ''એક ઊંડી લાગણી, એક લોહિયાળ મિશન. આ વખતે તે એવો નથી.ટાઈગર શ્રોફે તાજેતરમાં જ તેના સોશિયલ મીડિયા હેન્ડલ ઈન્સ્ટાગ્રામ પર બાગી ૪ ફિલ્મનું પોસ્ટર શેર કર્યું છે. આ ફિલ્મનું પહેલું પોસ્ટર જોવા માટે ચાહકો ખૂબ જ ઉત્સાહિત છે. આ ફિલ્મ ૫ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ રિલીઝ થશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ફિલ્મનું શૂટિંગ ચાલી રહ્યું છે. આ ફિલ્મના નિર્માતા સાજિદ નડિયાદવાલા છે અને આ ફિલ્મનું નિર્દેશન હર્ષ કરશે.

# એક ઝલક માટે બિહારના લોકોએ હદ વટાવી

અલ્લુ અર્જુને કહ્યું- આજે તો પુષ્પાએ પણ ઝૂકવું પડશે

૧૭ નવેમ્બરના રોજ સુપરસ્ટાર અલ્લૂ અર્જુન અને સુકુમારની પૅન-ઈન્ડિયા એક્શન ડ્રામા ફિલ્મ 'પુષ્પા ૨ : ધ રૂલ'નુ ટ્રેલર લોન્ચ થયું હતું. બિહારના પટનાના ગાંધી મેદાનમાં એક લાઈવ ઈવેન્ટ દ્વારા આ ટ્રેલર રીલીઝ કરવામાં આવ્યું હતું. આ ખાસ અવસરમાં ફિલ્મના સુપરસ્ટાર અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાનાએ ભાગ લીધો હતો. જણાવી દઈએ કે, આ ફિલ્મ આગામી ૫ ડિસેમ્બરના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે.મોસ્ટ અવેટેડ ફિલ્મ 'પુષ્પા- ધ રૂલ'ની ટ્રેલર રીલીઝ ઈવેન્ટમાં ફેન્સનું ગાંડપણ એટલું હતું કે અલ્લુ અર્જુન અને રશ્મિકાની એક ઝલક મેળવવા ગાંધી મેદાનમાં ચાહકોની ભારે ભીડ ઉમટી પડી હતી. જેના ફેન્સએ તેમના મનપસંદ સ્ટાર્સને જોવા માટે શક્ય તમામ પ્રયાસો કર્યા હતા. જેમાં અરાજકતા અને નાસભાગ જેવી સ્થિતિ સર્જાી હતી. જેબ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. પટનાના ગાંધી મેદાનનો ટ્રેલર લોન્ચ વખતેનો એક વીડિયો સામે આવ્યો છે. જેમાં સ્થિતિ એવી હતી કે ફેન્સ અલ્લુ અર્જુન અને રશ્મિકાને જોવા માટે ગ્રાઉન્ડમાં સ્થાપિત સ્ટ્રક્ચર્સ અને બેરિકેડ પર ચઢી ગયા હતા. આ પરિસ્થિતિને સંભાળવા માટે સુરક્ષા દળોને તૈનાત કરવા પડ્યા હતા.પરિસ્થિતિ એવી હતી કે ફેન્સ તેમના પ્રિય એક્ટર અલ્લુ અર્જુનના આગમનની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. આવી સ્થિતિમાં ભીડને કાબૂમાં લેવા માટે પોલીસ પણ સ્થળ પર તૈનાત કરવામાં આવી હતી.

# અભિનેત્રી કંગના રનૌતની ફિલ્મ 'ઇમરજન્સી'ની રિલિઝ ડેટ જાહેર

ફિલ્મ આ વર્ષે સપ્ટેમ્બરમાં રિલીઝ થવાની હતી, પરંતુ સેન્સર તરફથી પ્રમાણપત્ર ન મળવાને કારણે તે થઈ શક્યું નહીં : કંગના રનૌતની ફિલ્મ 'ઇમરજન્સી' ઘણી ચર્ચામાં રહી છે

કંગના રનૌતની ફિલ્મ 'ઈમરજન્સી' ઘણી ચર્ચામાં રહી છે. તેની રિલીઝ પહેલા જ તેના પર ઘણા વિવાદો થયા છે. જોકે, તે હજુ દર્શકો સુધી પહોંચી શકી નથી. તેની રીલિઝ ડેટ ઘણી વખત મોકૂફ રાખવામાં આવી છે. તે આ વર્ષે સપ્ટેમ્બરમાં રિલીઝ થવાની હતી, પરંતુ સેન્સર તરફથી પ્રમાણપત્ર ન મળવાને કારણે તે થઈ શક્યું નહીં. હવે તેની સોમવારની નવી રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી છે. આ ફિલ્મ આવતા વર્ષે સિનેમાઘરોમાં આવશે.કંગના રનૌતની આગામી ફિલ્મ 'ઈમરજન્સી'ની નવી રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી છે. આજે કંગના રનૌતે આ વાતનો ખુલાસો કર્યો છે. આ ફિલ્મ આ વર્ષે રિલીઝ નહીં થાય, પરંતુ આવતા વર્ષે સિનેમાઘરોમાં આવશે. નવી તારીખ ૧૭ જાન્યુઆરી ૨૦૨૫ છેકંગના રનૌતે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી એક પોસ્ટ શેર કરી છે. તેણે ફિલ્મનું પોસ્ટર શેર કર્યું છે અને તેની સાથે કેપ્શન લખ્યું છે, 'દેશની સૌથી શક્તિશાળી મહિલાની મહાકાવ્ય વાર્તા... અને તે ક્ષણ જેણે ભારતનું ભાગ્ય બદલી નાખ્યું... તેના પર આધારિત ફિલ્મ 'ઈમર્જન્સી' ૧૭ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. આજે કંગના રનૌતે આ વાતનો ખુલાસો કર્યો છે. આ ફિલ્મ આ વર્ષે રિલીઝ નહીં થાય, પરંતુ આવતા વર્ષે સિનેમાઘરોમાં આવશે. નવી તારીખ ૧૭ જાન્યુઆરી ૨૦૨૫ છેકંગના રનૌતે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી એક પોસ્ટ શેર કરી છે.

# અક્ષય કુમારે 'હેરા ફેરી ૩' પર આપ્યું મોટું અપડેટ

અક્ષય કુમાર, સુનીલ શેટ્ટી, પરેશ રાવલ તાજેતરમાં મુંબઈ એરપોર્ટ પર જોવા મળ્યા હતા. જે પછી લોકો 'હેરા ફેરી ૩' વિશે ચર્ચા કરવા લાગ્યા. હવે તાજેતરમાં જ ખિલાડી કુમારે આ ફિલ્મના ત્રીજા ભાગને લઈને પોતાનું મૌન તોડ્યું છે. અભિનેતાએ જણાવ્યું કે ફિલ્મનું શૂટિંગ ક્યારે શરૂ થશે.અક્ષય કુમાર તાજેતરમાં એક ઈવેન્ટમાં સામેલ થયો હતો. આ દરમિયાન અભિનેતાને ફિલ્મ 'હેરા ફેરી ૩' વિશે પૂછવામાં આવ્યું હતું. ખિલાડી કુમારે જવાબ આપ્યો, 'અમે આ સમયે માત્ર 'વેલકમ' કરી રહ્યા છીએ. શક્ય છે કે પ્રોડ્યુસરની હેર ફેરી ટૂંક સમયમાં પૂરી થઈ જશે. પછી તેઓ ફરીથી 'હેરા ફેરી ૩' કરવાનું શરૂ કરશે. અભિનેતા મજાક કરતા હસવા લાગ્યો. આ પછી તેણે કહ્યું- 'શક્ય છે કે અમે આવતા વર્ષે તેનું શૂટિંગ શરૂ કરી દઈએ.''હેરી ફેરી'ના બે ભાગ આવી ગયા છે. આવી સ્થિતિમાં, છેલ્લા ઘણા સમયથી ફિલ્મના ત્રીજા ભાગને લઈને સતત ચર્ચાઓ થઈ રહી છે. આ ફિલ્મના બંને ભાગ હિટ હતા. રિપોર્ટ્સનું માનીએ તો આ ફિલ્મના ત્રીજા ભાગમાં અક્ષય કુમાર, પરેશ રાવલ અને સુનીલ શેટ્ટી ફરી એકવાર જોવા મળી શકે છે. જોકે, સ્ટાર્સ કે ફિલ્મ વિશે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.'હેરા ફેરી'નો પહેલો ભાગ વર્ષ ૨૦૦૦માં રિલીઝ થયો હતો. તેમાં આ ત્રણેય સ્ટારની ત્રિપુટી હતી.

# મનોજ બાજપાઈની ફિલ્મને યૂકેનો બેસ્ટ ફિલ્મ એવોર્ડ

'ધ ફેબલ'ને ૩૮મો લીડ્ઝ ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલનો એવોર્ડ

રાઇટર ડિરેક્ટર રામ રેડ્ડીની ફિલ્મ 'ધ ફેબલ'એ ૩૮મા લીડ્ઝ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૪ની મેઈન ઈન્ટરનેશનલ કોમ્પિટીશનનો બેસ્ટ ફિલ્મ માટેનો એવોર્ડ જીતીને ઇતિહાસ સર્જ્યો છે. કારણ કે આ એવોર્ડ જીતનારી આ પહેલી ભારતીય ફિલ્મ છે. ૧૯૮૭માં આ ફેસ્ટિવલ શરૂ થયો ત્યારથી કોઈ ભારતીય ફિલ્મે આ એવોર્ડ જીત્યો ન હોવાથી આ ભારતીય સિનેમા માટે એક નોંધપાત્ર સિદ્ધિ છે. આ પહેલાં 'ધ ફેબલ'નું બર્લિનેલ ફિલ્મ ફેસ્ટિવલમાં વર્લ્ડ પ્રીમિયર થયું હતું, તેમજ મામી મુંબઈ ફિલ્મ ફેસ્ટિવલમાં આ ફિલ્મને સ્પેશિયલ જ્યુરી પ્રાઇઝ મળ્યું હતું.આ અંગે ફિલ્મના ડિરેક્ટર રામ રેડ્ડીએ કહ્યું,''લીડ્ઝ એક પ્રતિશ્ઠિત ફેસ્ટિવલ છે. આ ફેસ્ટિવલમાં પસંદ થયેલી ફિલ્મો તો અદ્ભુત હોય જ છે સાથે આ ફેસ્ટિવલને એકેડેમી એવોર્ડ માટેનો ક્વોલિફાયિંગ એવોર્ડ માનવામાં આવે છે, જેમાં આ વર્ષે ૨૫૦ સુંદર ફિલ્મો દર્શાવાઈ. મને આ વર્ષના ફેસ્ટિવલમાં 'ધ ફેબલ' રજૂ કરવાની તક મળી અને આ ફિલ્મને ઓડિયન્સનો જે પ્રતિસાદ મળ્યો તે જોરદાર હતો. તેનાથી અમારો ઉત્સાહ ઘણો વધ્યો. આ રીતે આ પ્રકારના ફેસ્ટિવલમાં અમને શ્રેષ્ઠ ફિલ્મનો એવોર્ડ મળવો એ એક ફિલ્મ મેકર તરીકે હું આભારી અને સંતોષની લાગણી અનુભવું છું. હું આ એવોર્ડ અમારી સમગ્ર ટીમને સમર્પિત કરવા માગું છું, જેમના વર્ષોના પ્રયત્નો અને મહેનતથી આ ફિલ્મ જીવંત બની.''આ ફિલ્મના લીડ એક્ટર મનોજ બાજપાઈએ જણાવ્યું.

# કાર્તિક અને વિદ્યાની હોરર કોમેડીની ઓટીટીના દર્શકોએ વધારે રાહ જોવી પડશે

દિવાળી પર ૧ નવેમ્બરે 'સિંઘમ અગેઇન'ની સાથે થિએટરમાં 'ભુલભુલૈયા ૩' રિલીઝ થઈ હતી. કાર્તિક આર્યન, વિદ્યા બાલન, તૃપ્તિ ડિમરી અને માધુરી દિક્ષિતની આ ફિલ્મને દર્શકોનો મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. છતાં બોક્સ ઓફિસ પર ફિલ્મને અત્યાર સુધીમાં ભારતમાં લગભગ ૧૮૩ કરોડ જેટલી અને વર્લ્ડ વાઇડ ૨૬૨ કરોડની કમાણી થઈ ચૂકી છે. પરંતુ હવે એવા અહેવાલો આવી રહ્યા છે કે આ ફિલ્મની ઓટીટી પર આવવાની રાહ જોઇને બેઠેલા દર્શકોને થોડી વધુ રાહ જોવી પડશે. સામાન્ય રીતે થિએટરમાં રિલીઝ થયાના સાત કે આઠ અઠવાડિયા પછી ફિલ્મ ઓટીટી પર રિલીઝ થઈ શકે છે. પરંતુ કેટલાંક અહેવાલો મુજબ અનીસ બાઝમીની આ ફિલ્મ જાન્યુઆરી ૨૦૨૫ પહેલાં ડિજીટલ પ્લેટફર્મ પર જોવા મળશે નહીં. ફિલ્મ દિવાળીના તહેવારો પર રિલીઝ થઈ પછી પહેલાં જ અઠવાડિયે ૧૫૦ કરોડની કમાણી કરી લીધી હતી. સામે સિંઘમ અગેઇન પણ ધૂમ મચાવી રહી હતી, છતાં આ ફિલ્મે સારું પ્રદર્શન કર્યું હતું. હાલ આ ફિલ્મે સૌથી વધુ કામાણીમાં વર્ષ ૨૦૨૪ની સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મોની યાદીમાં ચોથું સ્થાન મેળવી લીધું છે. આ દર્શાવે છે કે લોકોને ફિલ્મના કલાકારો અને તેમના કૌશલ્યમાં વિશ્વાસ બેઠો છે અને લોકો હજુ ફિલ્મ જોવા જઈ રહ્યા છે. તેથી હજુ થિએટરથી વધુ કમાણીની શક્યતાઓ છે.

# અભિનેત્રી સોનાલી બેન્દ્રેને કાળા કપડાં કેમ ગમે છે?

એવા ઘણા સેલેબ્રિટીઝ છે, જેઓ પાર્ટીઝ કે ઈવેન્ટ્સમાં બ્લૅક ડ્રેસ પહેરવાનું પસંદ કરે છે. ઘણા લોકો એવું માને છે કે બ્લૅક કપડામાં વ્યક્તિ વધુ પાતળી અને સ્લિમ દેખાય છે. તો ઘણા લોકો કેટલીક માન્યતાને કારણે પણ બ્લૅક ડ્રેસ પહેરતા હોય છે. તાજેતરમાં સોનાલી બેન્દ્રેએ ખુલાસો કર્યો છે કે, તેને બ્લૅક કપડાં પહેરવા ગમે છે. તાજેતરમાં સોનાલીએ પોતાના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર કેટલીક તસવીરો શેર કરી હતી. જેમાં તેણે એક એન્કલ લેંથનો બ્લૅક ડ્રેસ પહેર્યો હતો. તેની સાથે તેણે ગોલ્ડન ડ્રોપ ઈઅરિંગ્ઝ પહેરી હતી. સાથે બિલકુલ સાદગીભર્યો હળવો મેક અપ કર્યો હતો, જ્યારે હેરસ્ટાઈલમાં એક બન બનાવ્યું હતું. આ તસવીરો સાથેની કૅપ્શનમાં તેણે લખ્યું, ''મારા કપડાંની જેમ, જેવી મને કૉફી ગમે છે: બ્લૅક!''૧૨ નવેમ્બરે સોનાલી બેન્દ્રે અને તેના પતિ ગોલ્ડી બ્હલે ૨૨ મી એનિવર્સરી ઉજવી હતી. આ નિમિત્તે સોનાલીએ એક વીડિયો પણ શેર કર્યો હતો, જેમાં તેમની રોમેન્ટિક યાદો તાજી કરી હતી. સોનાલીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર આ વીડિયો શેર કર્યો હતો. તેની સાથે કૅપ્શનમાં તેણે લખ્યું, ''૨૨ ગોલ્ડી બ્હલ''. આ કૅપ્શન સરળ હતી, સાથે પોસ્ટ થયેલો વીડિયો તેમના સંબંધની મજબૂતી દર્શાવતો હતો. તેની સાથે તેણે દો પત્તી ફિલ્મનું ''મૈયા'' ગીત મૂક્યું હતું. તેણે લખ્યું, ''ત્યારે. હાલ. હંમેશા.'' આ વીડિયોમાં એક તસવીર ૧૨ નવેમ્બર, ૨૦૦૨માં તેમના લગ્નની પણ હતી. સોનાલી અને ગોલ્ડીએ વૈભવી લગ્ન કર્યા હતા. જેમાં એ વખતના મુંબઇના મુખ્ય મંત્રી વસંતરાવ દેશમુખ સહીત ઘણી મોટી હસ્તીઓએ હાજરી આપી હતી. સોનાલીની કોઈ ફિલ્મ ઘણા વર્ષોથી જોવા મળી નથી, પરંતુ તાજેતરમાં તેની એક વૅબ સિરીઝ આવી છે.

# 'ધ સાબરમતી રિપોર્ટ'ના ૪૦ ટકા હિંસાત્મક સીન પર કાતર ચલાવી

'ધ સાબરમતી રિપોર્ટ' ને સેન્સર બોર્ડે યૂએ સર્ટિફિકેટ આપ્યું

ગોધરા કાંડ અને તેના પર રજૂ થયેલા મીડિયાના અહેવાલો પર આધારીત ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ' ને સેન્સર બોર્ડે યૂએ સર્ટિફિકેટ આપ્યું છે. સેન્સર બોર્ડના સૂચન અનુસાર ફિલ્મની ટીમે લગભગ ૧૧ ફેરફાર કર્યા છે, જેમાં ફિલ્મમાંથી ૪૦ ટકા હિંસાત્મક દૃશ્યો દૂર કરાયા છે અને કેટલાંક વાંધાજનક ડાયલોગ પણ દૂર કરાયા છે. જેમકે એક ડ્રાઈવરનો ડાયલોગ,''સબ મિલતા હૈ, બ્રાન્ડ બતાઈયે'' ને બદલી દેવાયો છે અને અક્ષય કુમારની આરોગ્યલક્ષી જાહેરખબરમાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે.આ ફિલ્મમાં ગોધરા કાંડનું રિપોર્ટિંગ કરી રહેલા પત્રકારનો રોલ વિક્રાંત મેસ્સી કરી રહ્યો છે, તેની સાથે રાશિ ખન્ના અને રિદ્ધિ ડોગરા પણ પત્રકારનો રોલ ભજવે છે. પરંતુ તાજેતરમાં સોશિયલ મીડિયા પર કેટલાંક લોકોનો એવો દાવો છે કે આવનારી ફિલ્મના કારણે વિક્રાંત મેસ્સીનું વલણ બીજેપી તરફ થોડું હળવું થઈ ગયું છે. આ ચર્ચાઓ અંગે જવાબ આપતાં વિક્રાંત મેસ્સીએ જણાવ્યું હતું કે વર્ષોના તેના અંગત અનુભવોને કારણે તેના વિચારો પણ બદલાયા છે. તેનું કારણ માત્ર પ્રોફેશનલ નથી.તાજેતરમાં એક પોડકાસ્ટમાં વિક્રાંતે કહ્યું હતું કે તે માના છે કે પરિવર્તન અનિવાર્ય છે, પરંતુ તેના દૃષ્ટિકોણમાં ફેરફાર થયો હોવા છતાં તે પોતાની બિનસાંપ્રદાયિક વિચારધારાને વરેલો છે. વિક્રાંતે કહ્યું કે સમગ્ર ભારતના પ્રવાસ અને વિવિધ પરિપ્રેક્ષ્યમાંથી આવતા લોકો સાથેની મુલાકાતોને કારણે તેનું વલણ બદલાયું છે. તે લોકો સાથે વાતો કરવાથી તેમની સમસ્યાઓને વધુ સ્પષ્ટતાથી સમજી શકે છે.

|| દયાળુ જય સ્વામિનારાયણ ||

DevAashish®
Where Dreams Come Home

# જોશો એટલે દિલ કહેશે
# 'ઘર હોય તો દેવ આશિષનું!'

AT NARODA

Dev Aashish pride & plaza

3 BHK - 63.88L*
• Possession Shortly • Sample House Ready
• Allotted Car Parking • 100% Dastavej

7874 00 40 00
GUJRERA.GUJARAT.GOV.IN RERA NO: PR/GJ/AHMEDABAD /AHMEDABAD CITY/AUDA/MAA06419/041219

B/h Capital Commercial Complex, Nr. Sahitya Hill and Icon, Naroda, Ahmedabad

FEW UNITS LEFT

2 BHK - 34.96L*
• Sample House Ready • Ready Possession
• Allotted Car Parking • 100% Dastavej

Dev Aashish Sky

Dev Aashish Sky
Hanspura, 200ft Road, Naroda-Dehgam Road, Ahmedabad

78 78 78 6494
GUJRERA.GUJARAT.GOV.IN RERA NO: PR/GJ/AHMEDABAD /DASKROI/AUDA/MAA07349/190820



Dev Aashish pride+

2 BHK - 50.80L* | 3 BHK - 69.60L*
• Sample House Ready • 100% Dastavej

7874 00 40 00
GUJRERA.GUJARAT.GOV.IN RERA NO: PR/GJ/AHMEDABAD /AHMEDABAD CITY/AUDA/MAA10947/181122

Nr. Dev Aashish Pride & Plaza, 200 Ft. Road, Naroda-Dehgam Road, Ahmedabad.

FEW UNITS LEFT

2 BHK - 46.40L* | 3 BHK - 62.56L*
• 100% Dastavej

Dev Aashish Z+

Dev Aashish Z+
Opp. Hanspura Residency, Nr. D-Mart, Naroda-Dehgam Road, Ahmedabad

9512 381 381
GUJRERA.GUJARAT.GOV.IN RERA NO: PR/GJ/AHMEDABAD/DASKROI /AUDA/RAA08919/210821

લોકોને તેમના ઘરોમાં રહેવાની અપીલ કરવામાં આવી

# ખતરનાક પ્રદૂષણને કારણે રાજધાનીમાં સ્વાસ્થ્ય કટોકટી, શાળા-કોલેજો બંધ

## પ્રદુષણની સાથે ધુમ્મસની અસરથી લોકોની મુશ્કેલીમાં વધુ વધારો થયો । લોકોના આરોગ્ય સામે મોટો ખતરો

। નવીદિલ્હી,તા.૧૯ ।

દેશની રાજધાની દિલ્હીમાં વાયુ પ્રદૂષણ ખતરનાક સ્તરે પહોંચી ગયું છે. પ્રદુષણની સાથે ધુમ્મસની અસરથી લોકોની મુશ્કેલીમાં વધુ વધારો થયો છે. માત્ર દિલ્હી જ નહીં પરંતુ એનસીઆર પણ પ્રદૂષણનો સામનો કરી રહ્યું છે. ગેપ-૪ના નિયમો અમલમાં આવ્યા છે. શાળાઓ બંધ કરી દેવામાં આવી છે. લોકોને તેમના ઘરોમાં રહેવાની અપીલ કરવામાં આવી છે. તમામ નિવારણ છતા પ્રદુષણ કાબુમાં આવી રહ્યું નથી. ધુમ્મસના કારણે વિઝિબિલિટી ઓછી છે. જ્યારે દિલ્હી એનસીઆરની બહાર માત્ર ધુમ્મસ જ જોવા મળી રહ્યું છે.દિલ્હીમાં જામિયા મિલિયા ઈસ્લામિયાએ જાહેરાત કરી છે કે શનિવાર, ૨૩ નવેમ્બર સુધી વર્ગો ઓનલાઈન મોડમાં લેવામાં આવશે. ૨૫ નવેમ્બર ૨૦૨૪ થી નિયમિત વર્ગો ભૌતિક મોડમાં ફરી શરૂ થશે. પરીક્ષાઓ અને ઈન્ટરવ્યુનો સમયપત્રક યથાવત રહેશે.એકયુઆઈમાં વધારાને કારણે જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીએ ૨૨ નવેમ્બર સુધી ઓનલાઈન ક્લાસ ચલાવવાનો નિર્ણય લીધો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવે સોમવારે વાયુ પ્રદૂષણ અંગે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને અપડેટ એડવાઈઝરી જારી કરી હતી. એડવાઈઝરીમાં હાલની આરોગ્ય પ્રણાલીઓને મજબૂત કરવા અને સંવેદનશીલ જૂથો અને જોખમ ધરાવતા વ્યવસાયોમાં જાગૃતિ લાવવા માટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટેની ભલામણોનો સમાવેશ થાય છે.રિપોર્ટ્સ અનુસાર, દિલ્હીમાં ધુમ્મસ વચ્ચે ટ્રેનોની અવરજવર ચાલુ છે. નવી દિલ્હી રેલવે સ્ટેશન પર ટ્રેનોની ગતિ ધીમી જણાય છે. રેલ્વેએ કહ્યું કે ૨૨ ટ્રેનો મોડી ચાલી રહી છે અને નવ ટ્રેનો રોકી દેવામાં આવી છે. સવારે ૫:૩૦ વાગ્યે દિલ્હીના સફદરજંગ અને પાલમમાં ૬૦૦ મીટરથી ૪,૪૦૦ મીટર સુધી વિઝિબિલિટી નોંધવામાં આવી હતી.

દુનિયાની સૌથી મોટી પાક વીમા યોજના હેઠળ

# ચાર કરોડથી વધુ ખેડૂતોને ૨૦ બિલિયન યુએસ ડોલરનો લાભ મળ્યો છે : વડાપ્રધાન

## વૈશ્વિક સંઘર્ષોને કારણે ઉદભવેલી ખાદ્ય, ઇંધણ અને ખાતરની કટોકટીની સૌથી વધુ પ્રતિકૂળ અસર 'ગ્લોબલ સાઉથ'ના દેશો પર પડી છે

। નવીદિલ્હી,તા.૧૯ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બ્રાઝિલના પ્રવાસે છે. સોમવારે તેમણે રિયો ડી જાનેરોમાં જી-૨૦ સમિટમાં હાજરી આપી હતી. જી-૨૦ સત્રમાં પોતાના સંબોધનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, "સૌ પ્રથમ તો હું રાષ્ટ્રપતિ લુલાને જી-૨૦ સમિટના આયોજન માટે કરવામાં આવેલી ભવ્ય વ્યવસ્થાઓ અને જી-૨૦ની સફળ અધ્યક્ષતા માટે અભિનંદન આપવા માંગુ છું. નવી દિલ્હીમાં -૨૦ સમિટ એ ખૂબ જ સંતોષની વાત છે કે -૨૦ સમિટમાં લેવાયેલા લોકો-કેન્દ્રિત નિર્ણયો બ્રાઝિલના પ્રેસિડેન્સી દરમિયાન લેવામાં આવ્યા હતા, કે અમે જીદ્ધ્ય લક્ષ્યોને પ્રાથમિકતા આપી હતી...તે સ્પષ્ટ છે કે એક પૃથ્વી, એક કુટુંબ. આ સમિટમાં ભવિષ્ય એટલું જ સુસંગત છે જેટલું તે ગયા વર્ષે હતું."સત્રને સંબોધતા પીએમ મોદીએ કહ્યું, "હું કહેવા માંગુ છું કે ગ્લોબલ સાઉથના દેશો વૈશ્વિક સંઘર્ષોને કારણે ખાદ્ય, ઈંધણ અને ખાતરની કટોકટીથી સૌથી વધુ પ્રભાવિત છે. તેથી જો આપણે પડકારોનો સામનો કરીશું તો જ અમારી ચર્ચા સફળ થઈ શકશે. ગ્લોબલ સાઉથની અને પ્રાથમિકતાઓને ધ્યાનમાં રાખશે." અને જેમ અમે નવી દિલ્હી સમિટ દરમિયાન આફ્રિકન યુનિયનને જી-૨૦ નું કાયમી સભ્યપદ આપીને ગ્લોબલ સાઉથને અવાજ આપ્યો, અમે વૈશ્વિક શાસનની સંસ્થાઓમાં સુધારો કરીશું."પીએમ મોદીએ કહ્યું કે, "દુનિયાની સૌથી મોટી પાક વીમા યોજના હેઠળ ચાર કરોડથી વધુ ખેડૂતોને ૨૦ બિલિયન યુએસ ડોલરનો લાભ મળ્યો છે . તેમણે કહ્યું કે ભારત વિવિધ દેશોમાં ખાદ્ય પદાર્થો મોકલીને વૈશ્વિક ખાદ્ય સુરક્ષામાં પણ યોગદાન આપી રહ્યું છે. તેમણે કહ્યું, "અમે માત્ર કુદરતી ખેતી અને જૈવિક ખેતી પર જ ધ્યાન કેન્દ્રિત કર્યું નથી પરંતુ નવી તકનીકો પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. અમે શ્રી અન્ના અથવા બરછટ અનાજને પ્રોત્સાહન આપીને ટકાઉ કૃષિ, પર્યાવરણ સંરક્ષણ, પોષણ અને ખાદ્ય સુરક્ષા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે."

## ન્યૂઝ બ્રિફ

### ભગવાન અને લોકો અમારી સાથે છે,આપ બહુમતીથી જીતશે; અરવિંદ કેજરીવાલ

। નવીદિલ્હી,તા.૧૯ ।

દિલ્હી વિધાનસભા ચૂંટણીની તૈયારી કરી રહેલા આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે સોમવારે પદાધિકારીઓના સંમેલનને સંબોધિત કર્યું. આ અંતર્ગત તેમણે દક્ષિણ દિલ્હી, ઉત્તર-પૂર્વ દિલ્હી અને પૂર્વ દિલ્હી લોકસભાના વિભાગીય પ્રભારીઓ સાથે વાત કરી અને તેમને દરેક બૂથ જીતવાનો મંત્ર આપ્યો. તેણે કહ્યું કે ભગવાન તમારી સાથે છે. આ વખતે પણ આપ જંગી બહુમતી સાથે દિલ્હીની ચૂંટણી જીતશે.તેમણે દાવો કર્યો કે ભગવાને એમસીડી મેયરની ચૂંટણીમાં આપને આ સંકેત આપ્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે ભાજપને વિશ્વાસ છે કે તે પૈસા અને શક્તિથી આપ કાઉન્સિલરોને હરાવીને એમસીડી મેયરની ચૂંટણી જીતશે. પરંતુ, ભગવાને તેમના સુદર્શન ચક્રનો ઉપયોગ કર્યો અને તમે જીતી ગયા.કેજરીવાલે કહ્યું કે આપ સત્યના માર્ગ પર ચાલી રહી છે. લડાઈ ખૂબ મુશ્કેલ છે. છેલ્લા બે વર્ષમાં આપએ જેટલો આકરા હુમલાનો સામનો કર્યો છે તેટલો કોઈ પક્ષે સામનો કર્યો નથી. કેજરીવાલે કહ્યું કે ભાજપ કહે છે કે આપ ફ્રી રેવાડી આપે છે. તેણે કહ્યું, હા તમે છ મફત ઘેટાં આપો. ૨૦ રાજ્યોમાં ભાજપની સરકાર છે.

### કેન્દ્ર સરકાર મહારાષ્ટ્રને ગુજરાતમાં ફેરવવા માંગે છે : સંજય રાઉત

। મુંબઇ,તા.૧૯ ।

મહારાષ્ટ્રમાં આવતીકાલે વિધાનસભા ચૂંટણી માટે મતદાન થવાનું છે. રાજ્યની તમામ ૨૮૮ વિધાનસભા બેઠકો પર એક સાથે મતદાન થયું હતું. આ પહેલા ચૂંટણી પ્રચારનો સમયગાળો સમાપ્ત થઈ ગયો હતો. દરમિયાન શિવસેના યુબીટી નેતા સંજય રાઉતે કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે. સંજય રાઉતે કહ્યું છે કે કેન્દ્ર સરકાર મહારાષ્ટ્રને ગુજરાતમાં ફેરવવા માંગે છે. આ સાથે તેમણે કહ્યું કે આ લડાઈ મહારાષ્ટ્રને ગુજરાતીઓના અતિક્રમણથી બચાવવાની છે. ગુજરાત અને દિલ્હીથી મોકલવામાં આવેલા ભાજપના કાર્યકરોનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે આ લોકો ચૂંટણીને પ્રભાવિત કરશે.મહારાષ્ટ્રમાં ૨૦ નવેમ્બરે યોજાનારી વિધાનસભાની ચૂંટણી પહેલા સંજય રાઉતે કેન્દ્ર સરકાર અને ભાજપ પર જોરદાર નિશાન સાધ્યું છે. સંજય રાઉતે કહ્યું કે ગુજરાત અને દિલ્હીથી મોકલવામાં આવેલા ભાજપના કાર્યકરો આવતીકાલે યોજાનારી મહારાષ્ટ્ર ચૂંટણીને પ્રભાવિત કરશે.

## મહારાષ્ટ્રમાં મતદાનના એક દિવસ પહેલા નાસિકની હોટલમાંથી ૧.૯૮ કરોડ જપ્ત

। મુંબઇ,તા.૧૯ ।

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી ૨૦૨૪ના માત્ર એક દિવસ પહેલા, ૧૮ નવેમ્બરના રોજ સત્તાવાળાઓએ નાસિકની એક હોટલમાંથી આઈએનઆર ૧.૯૮ કરોડની બિનહિસાબી રોકડ જપ્ત કરી હતી. ગેરકાયદે ચૂંટણી ભંડોળ અંગે ચિંતા ઊભી કરતી એક સૂચનાને પગલે દરોડા પાડવામાં આવ્યા હતા.નાસિક જિલ્લા મેજિસ્ટ્રેટ જલજ શર્માએ જપ્તીની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે ખર્ચ નિરીક્ષક અને ટીમ આ મામલે વધુ તપાસ કરી રહી છે. આ ઘટનાએ ચૂંટણીના સમયગાળા દરમિયાન નાણાકીય ગેરરીતિઓની તપાસને તેજ બનાવી છે. ૨૦ નવેમ્બરે વિધાનસભાની ચૂંટણી માટે મતદાન થવાનું છે, સત્તાવાળાઓએ તકેદારી વધારી દીધી છે.નાશિકના કલેક્ટરે કહ્યું કે રૂપિયા ક્યાંથી આવ્યા તેની ઉંડાણપૂર્વક તપાસ કરાશે. સાથે જ તેમણે કહ્યું કે હોટલના માલિકને નોટિસ આપી જવાબ માગશે, જો તે યોગ્ય જવાબ નહીં આપી શકે તો કડક પગલાં લેવામાં આવશે. તો આ અંગે એક્સપેન્ડિચર ઓબ્ઝર્વર અને તેની ટીમ મળી આવેલા રૂપિયાની તપાસમાં જોતરાશે. મહત્વનું છે કે અગાઉ પણ મહારાષ્ટ્રના વિવિધ સ્થળોએથી કરોડો રૂપિયા જપ્ત કરવામાં આવ્યા હતા.

એક પછી એક નેતાઓ ઉપર જીવલેણ હુમલા

## અનિલ દેશમુખ બાદ મહારાષ્ટ્રમાં વધુ એક નેતા પર હુમલો, માથામાં ઈજા થઈ

### છત્રપતિ સંભાજીનગરના ગંગાપુર વિધાનસભા ક્ષેત્રમાં અપક્ષ ઉમેદવાર સુરેશ સોનાવણેની કાર પર પથ્થરમારો કરવામાં આવ્યો

। મુંબઇ,તા.૧૯ ।

મહારાષ્ટ્રના પૂર્વ ગૃહમંત્રી અને શરદ પવાર જૂથના નેતા અનિલ દેશમુખની કાર પર હુમલા બાદ વધુ એક નેતા પર હુમલો થયો છે. સોમવારે સાંજે છત્રપતિ સંભાજીનગરના ગંગાપુર વિધાનસભા ક્ષેત્રમાં અપક્ષ ઉમેદવાર સુરેશ સોનાવણેની કાર પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું કે આ ઘટના સાંજે ૭.૩૦ વાગ્યે બની હતી. સોનાવણેને માથામાં સામાન્ય ઈજા થઈ છે. પોલીસ ડેપ્યુટી કમિશનર નીતિન બાગટેએ જણાવ્યું હતું કે વલુજ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના લાંજી ગામમાં એક અજાણ્યા વ્યક્તિએ પથ્થરમારો કર્યો હતો. તેને તાત્કાલિક સહાય આપવામાં આવી હતી.

તમને જણાવી દઈએ કે આ પહેલા પૂર્વ ગૃહમંત્રી અને શરદ પવાર જૂથના નેતા અનિલ દેશમુખની કાર પર હુમલો કરવામાં આવ્યો હતો. પથ્થરમારાને કારણે તેના માથામાં ઈજા થઈ હતી. આ પછી તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો. હુમલો કોણે કર્યો તે અંગેની માહિતી મળી શકી નથી. તમને જણાવી દઈએ કે મહારાષ્ટ્ર ચૂંટણી ૨૦૨૪ માટે સોમવારે પ્રચારનો છેલ્લો દિવસ હતો. આવી સ્થિતિમાં, સાંજે ૫ વાગ્યે અભિયાન સમાપ્ત થયા પછી, તેઓ તેમના પુત્ર સાથે નાગપુર પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન કેટલાક લોકોએ તેમની કાર પર પથ્થરમારો કર્યો હતો.દેશમુખ કારની પાછળની સીટ પર બેઠા હતા, બારી ખુલ્લી હતી, ત્યારે તેમના માથા પર પથ્થર પડ્યો હતો. જેના કારણે લોહી વહેવા લાગ્યું હતું. આના બે દિવસ પહેલા જન સુરાજ્ય પાર્ટીના નેતા અને કરીવર વિધાનસભાના ઉમેદવાર સંતાજી ઘોરપડે પર પણ જીવલેણ હુમલો થયો હતો.

મહારાષ્ટ્રની ૨૮૮ અને ઝારખંડની ૩૮ બેઠકો માટે ૨૦મીએ મતદાન

# મહારાષ્ટ્ર-ઝારખંડ વિધાનસભાની ચૂંટણી માટે પ્રચાર-પડઘમ શાંત

## મહારાષ્ટ્રમાં મહાયુતિ અને એમવીએ વચ્ચે જંગ ઝારખંડમાં હેમંત સોરેન સામે સત્તા બચાવવાનો પડકાર । સ્થાનિક રાજકારણમાં ગરમાવો

। નવી દિલ્હી, તા.૧૯ ।

જંગી રેલીઓ, સ્ટાર પ્રચારકોની ભીડ, વચનોની લ્હાણી અને જાત-ભાતના નારાઓથી મતદારોને આકર્ષવાની રાજકીય પક્ષોની હોડ વચ્ચે મહારાષ્ટ્ર વિધાનસભાની ૨૮૮ બેઠકો અને ઝારખંડ વિધાનસભાની ૩૮ બેઠકો માટે ૨૦મી નવેમ્બરે યોજાનારા બીજા તબક્કાના મતદાન માટેના પ્રચાર પડઘમ સોમવારે સાંજે પાંચ વાગે શાંત થયાં હતાં.

બંને રાજ્યોમાં ૨૩મી નવેમ્બરે મત ગણતરી હાથ ધરાશે. આંતરિક જૂથબંધી, પક્ષ વિભાજન અને તડજોડના રાજકારણને કારણે તાજેતરના વર્ષોમાં દેશના રાજકારણમાં ચર્ચામાં રહેલાં મહારાષ્ટ્રમાં ભાજપના નેતૃત્વ હેઠળના વર્તમાન સત્તાધારી મહાયુતિ ગઠબંધન અને કોંગ્રેસના નેતૃત્વવાળી મહા વિકાસ અઘાડી વચ્ચે સીધી ટક્કર છે. બીજી તરફ ઝારખંડમાં ૩૮ બેઠકો માટે યોજાનારા બીજા તબક્કાના મતદાનમાં ૫૨૮ ઉમેદવારોનું ભાવિ મતપેટીમાં સીલ થશે. રાજ્યના વર્તમાન મુખ્યમંત્રી હેમંત સોરેન સામે પોતાની સત્તા બચાવવાનો પડકાર છે. હેમંત સોરેન વિરુદ્ધ ભાજપના બાબુલાલ મરાંડી અને અમર બૌરી તથા સુદેશ મહતો જેવા ઉમેદવારો છે. ચૂંટણીમાં હેમંત સોરેનની ઝારખંડ મુક્તિ મોરચા(જેએમએમ) ઈન્ડિયા ગઠબંધનના તેના સાથી પક્ષો કોંગ્રેસ અને આરજેડીની મદદથી ફરી એકવાર સત્તા હાંસલ કરવા પ્રયત્નશીલ છે. મહારાષ્ટ્રનો જંગ જીતવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિતના ભાજપના ટોચના નેતાઓ ઉપરાંત દેવેન્દ્ર ફડણવીસ અને જેપી નડ્ડા અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઝંઝાવતી ચૂંટણી પ્રચાર કર્યો છે.

મહારાષ્ટ્રની વર્તમાન મહાયુતિ સરકાર મુખ્યત્વે સમૃદ્ધિ માર્ગ અને મુંબઈ મેટ્રો જેવા વિકાસના કામો ઉપરાંત લાડકી બહિન યોજના, રોજગાર સર્જન તથા મહારાષ્ટ્રને એક ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનાવવા જેવા મુદ્દાઓને આધારે રાજ્યના મતદારોને પોતાની તરફ આકર્ષવા પ્રયાસ કરી રહી છે.

## સલમાન ખાન ફાયરિંગ કેસમાં ગેંગસ્ટર લોરેન્સના ભાઈ અનમોલની ધરપકડ

। મુંબઇ,તા.૧૯ ।

સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગ કરવાના કેસમાં લોરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલ બિશ્નોઈની ધરપકડ કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર અનમોલ અમેરિકાના કેલિફોર્નિયામાં ઝડપાયો છે. તમને જણાવી દઈએ કે સલમાન ખાનના ઘરે ફાયરિંગ કેસ બાદ અનમોલ મુંબઈ પોલીસની મોસ્ટ વોન્ટેડ લિસ્ટમાં સામેલ હતો.કોર્ટે પહેલાથી જ અનમોલ પર બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યું છે. દિલ્હી, પંજાબ, હરિયાણા અને મુંબઈ જેવા અનેક રાજ્યોની પોલીસ તેને શોધી રહી હતી. પરંતુ તાજેતરમાં જ મુંબઈમાં બાબા સિદ્દીકીની હત્યા બાદ લોરેન્સ ગેંગનું નામ સામે આવતાં અનમોલ પરની કાર્યવાહી વધી ગઈ હતી.

## અદભૂત યાત્રાનો ભાગ રહ્યો છું અને હું તેનો હિસ્સો બની રહીશ,દિલિપ જોશી

। મુંબઇ,તા.૧૯ ।

તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા લોકોને મનપસંદ શો છે. આ શો કોઈ ને કોઈ રીતે ચર્ચામાં રહેતો હોય છે. ક્યારેક ખરાબ કારણસર તો ક્યારેક સારા. એકવાર ફરીથી આ શો ચર્ચામાં છે. જેની પાછળ કારણ સારું નથી. તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા શોમાં જેઠાલાલાનું પાત્ર ભઝવતા દિલિપ જોશી અંગે મીડિયામાં રિપોર્ટ્સ આવ્યા જેમાં દાવો કરાયો કે શોના સેટ પર તેમના અને અસિત મોદી વચ્ચે ઝઘડો થયો. આ રિપોર્ટ્સ પર દિલિપ જોશીએ મૌન તોડ્યું છે. તેમણે ખુલાસો કરતા જણાવ્યું કે આ સમગ્ર મામલે શું સત્ય છે. પોતાના ૧૬ વર્ષના શો સાથેના જોડાણ અંગે પણ દિલિપ જોશીએ વાત કરી અને સ્પષ્ટ કર્યું કે તેઓ શો છોડીને જઈ રહ્યા નથી અને આવામાં અફવાઓ પર ધ્યાન ન આપવું જોઈએ. દિલિપ જોશીએ એક નિવેદન બહાર પાડ્યું જેમાં કહ્યું કે, "હું બસ આ તમામ અફવાઓ વિશે બધુ સ્પષ્ટ કરવા માંગુ છું. મારા અને અસિતભાઈ વિશે મીડિયામાં એવી કેટલીક કહાનીઓ છે જે સંપૂર્ણ રીતે ખોટી છે અને આવી વાતો સાંભળીને મને ખરેખર દુખ થાય છે.

મહત્વના મુદ્દાઓ ઉપર ચર્ચાઓ કરવામાં આવી | જૂન ૨૦૨૦માં ગલવાન ઘાટીમાં સૈન્ય અથડામણ બાદ ભારત અને ચીન વચ્ચેના સંબંધો નીચા સ્તરે પહોંચી ગયા હતા

# ભારતની મોટી રાજદ્વારી જીત, ચીન મોદી-શી વચ્ચે થયેલી સહમતિને લાગુ કરવા તૈયાર

। નવીદિલ્હી,તા.૧૯ ।

ચીને કહ્યું હતું કે તે રશિયામાં બ્રિક્સ સમિટ દરમિયાન તેમની બેઠક દરમિયાન પ્રમુખ શી જિનપિંગ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે મુખ્ય મુદ્દાઓ પર બનેલી સર્વસંમતિને અમલમાં મૂકવા માટે તૈયાર છે. બ્રાઝિલમાં ૨૦ સમિટની બાજુમાં મોદી અને શી વચ્ચેની મુલાકાતની શક્યતા વિશે પૂછવામાં આવતા, ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાને કહ્યું, "રાષ્ટ્રપતિ શી જિનપિંગે તાજેતરમાં કઝાનમાં યોજાયેલી બ્રિક્સ સમિટની બાજુમાં વડા પ્રધાન મોદી સાથે મુલાકાત કરી હતી. મળ્યા." "ચીન મુખ્ય મુદ્દાઓ પર બંને દેશોના નેતાઓ વચ્ચે થયેલી સર્વસંમતિને અમલમાં મૂકવા, સંવાદ અને સહયોગ વધારવા અને વ્યૂહાત્મક પરસ્પર વિશ્વાસને પ્રોત્સાહન આપવા માટે ભારત સાથે મળીને કામ કરવા તૈયાર છે," તેમણે કહ્યું. જિયાને કહ્યું કે તેમને નેતાઓ અને અધિકારીઓ વચ્ચેની બેઠકના શેડ્યૂલ વિશે કોઈ માહિતી નથી.ગયા મહિને રશિયન શહેર કાઝાનમાં બ્રિક્સ સમિટની બાજુમાં યોજાયેલી લગભગ ૫૦ મિનિટની બેઠકમાં, મોદી અને શી જિનપિંગે પૂર્વી લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) પરના બાકી રહેલા સ્ટેન્ડઓફ પોઈન્ટ્સમાંથી સૈનિકોને પાછા ખેંચવા અંગે ચર્ચા કરી હતી અને ત્યાં પેટ્રોલિંગ ફરી શરૂ થવાથી ચીન વચ્ચેના કરારને સમર્થન મળ્યું હતું. બંને નેતાઓએ વિવિધ દ્વિપક્ષીય સંવાદ મિકેનિઝમને પુનઃસ્થાપિત કરવા માટે પણ સૂચનાઓ જારી કરી હતી. બેઠકમાં મોદીએ મતભેદો અને વિવાદોને યોગ્ય રીતે સંભાળવા અને સરહદી વિસ્તારોમાં શાંતિ અને સ્થિરતાને ખલેલ પહોંચાડવા ન દેવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

ચોંકાવનારો ખુલાસો | અભ્યાસમાં જાણવા મળ્યું છે કે કોવિડ-૧૯ વાયરસનો આરએનએ એક અનન્ય રોગપ્રતિકારક કોષ બનાવે છે જે કેન્સર સામે લડી શકે છે

# કોરોના વાયરસે કર્યા કેન્સરના દર્દીઓના ઈલાજ !

। નવી દિલ્હી, તા.૧૯ ।



કોરોના વાયરસે ઘણા લોકોના જીવન અને ઘરોને બરબાદ કરી દીધા છે. બીમાર પડેલા લોકોમાં આડઅસર હજુ પણ જોવા મળે છે. દરમિયાન, આ વાયરસ સંબંધિત એક સકારાત્મક સમાચાર આવ્યા છે. કેટલાક ડોક્ટરોને લાગે છે કે કોવિડ વાયરસ કેન્સરની સારવારમાં મદદરૂપ સાબિત થઈ શકે છે. હકીકતમાં, ઘણા કેન્સર દર્દીઓમાં કોવિડ થયા પછી, તેમની ગાંઠોનું કદ ઘટ્યું. ડૉક્ટરો પણ આ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા અને તેમણે એક અભ્યાસ કર્યો, જેના પરિણામોએ સંશોધકોને આશા જન્માવી છે.કોવિડ-૧૯ અને કેન્સર સંબંધિત આ સંશોધન નોર્થવેસ્ટર્ન મેડિસિન કેનિંગ થોરાસિક ઈન્સ્ટિટ્યૂટમાં કરવામાં આવ્યું હતું. તે નવેમ્બરમાં જર્નલ ઑફ ક્લિનિકલ ઈન્વેસ્ટિગેશનમાં પ્રકાશિત થવાનું છે. કોવિડના સમય દરમિયાન, એવું જોવામાં આવ્યું હતું કે જે લોકો કોરોના વાયરસને કારણે ખૂબ બીમાર થઈ ગયા હતા તેમની ગાંઠો સંકોચાઈ હતી અથવા ધીમે ધીમે વધી હતી. આ અંગે યુનિવર્સિટી ચીફ અંકિત ભરતે કહ્યું, 'અમને ખબર ન હતી કે આ યોગ્ય છે કે નહીં કારણ કે દર્દીઓ ખૂબ બીમાર હતા. શું એવું બન્યું કે રોગપ્રતિકારક શક્તિ એટલી ટ્રિગર થઈ ગઈ કે તેણે કેન્સરના કોષોને પણ મારવાનું શરૂ કર્યું? આવું થયું?'કેટલાક કેસ જોયા પછી, ડૉક્ટરે તેમની ટીમ સાથે આ અંગે વધુ માહિતી એકઠી કરવા માટે એક અભ્યાસ હાથ ધર્યો. ડૉ. ભરત અને તેમની ટીમે શોધ્યું કે જ્યારે SARS-CoV-2 શરીરમાં હોય છે, ત્યારે શરીરના મોનોસાઈટ કોષો અલગ રીતે વર્તે છે. સામાન્ય સંજોગોમાં, મોનોસાઈટ્સ લોહીમાં પરિભ્રમણ કરે છે અને જ્યારે કોઈ ખરાબ કોષ અથવા ભય જણાય છે ત્યારે ચેતવણી આપે છે. કેટલાક મોનોસાઈટ્સ કેન્સર સામે લડતા કોષોને ગાંઠમાં લઈ જાય છે. પરંતુ કેન્સરના કોષો ક્યારેક મોનોસાઈટ્સને યુક્તિ કરે છે. તેઓ મોનોસાઈટ્સ પાછળ છુપાવે છે અને રોગપ્રતિકારક તંત્ર તેમને શોધી અને દૂર કરવામાં અસમર્થ છે.

## નલિયાની સાથે રાજ્યનું પાટનગર સૌથી ઠંડુ શહેર

। ગાંધીનગર, તા.૧૯ ।

ગાંધીનગર શહેર અને જિલ્લામાં દિવાળી પર્વ પૂર્ણ થયા બાદ વાતાવરણમાં પલટો આવતા થોડા દિવસ અગાઉ ઠંડી મોસમનો માહોલ જામ્યો હતો.તો બીજી તરફ હવામાનમાં પલટો આવતા ઠંડીએ વિરામ લેતા તાપમાનના પારામાં વધારો થવા પામ્યો હતો. ત્યારે બે દિવસથી રાજ્યનું સૌથી ઠંડુ શહેર પાટનગર બન્યું હોય તે પ્રકારે તાપમાનનો પારો ગગડી રહ્યો છે. સોમવારે લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રીએ પહોંચ્યું છે. ભેજના પ્રમાણમાં વધઘટ નોંધાવવાના કારણે હાલમાં નગરજનોને ઠંડીનો સામનો કરવો પડી રહ્યો છે.ગાંધીનગર શહેર અને જિલ્લામાં છેલ્લા બે દિવસથી હવામાનમાં પલટો આવતા ઠંડીની મોસમ જામી હોય તેવું અનુભવવા મળી રહ્યું છે.વાદળછાયા વાતાવરણ વચ્ચે તાપમાનના પારામાં પણ ઘટાડો નોંધાયો હતો.

### મેળામાં પાલિકા દ્વારા બે દિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાયું

# સિદ્ધપુર કાર્તિકી પૂર્ણિમાના મેળામાં છેલ્લા ચાર દિવસમાં આઠ લાખ લોકો ઉમટ્યા

**સિદ્ધપુર સરસ્વતી નદી પટમાં ભરાતા કાર્તિકી પૂર્ણિમાના મેળાનો વિધિવત પ્રારંભ તા.૧૪ નવેમ્બરથી થયો હતો । ઉત્તર ગુજરાત સહિત દેશભરમાંથી લોકો ઉમ્ટી પડ્યા**

। સિદ્ધપુર, તા.૧૯ ।

સિદ્ધપુર કાર્તિકી પૂર્ણિમાના મેળામાં ચોથા દિવસે અંદાજિત ૨ લાખ લોકો ઉમટ્યા હતા. જયારે રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા બે દિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમ ખુલ્લો મુકાયો હતો. જેમાં મેળામાં આવતા યાત્રિકોએ તેનો આનંદ માણ્યો હતો. જોકે કાર્તિકી પૂર્ણિમાના મેળામાં છેલ્લા ચાર દિવસમાં અંદાજીત ૮ લાખ ઉમટ્યા હતા. સિદ્ધપુર સરસ્વતી નદી પટમાં ભરાતા કાર્તિકી પૂર્ણિમાના મેળાનો વિધિવત પ્રારંભ તા.૧૪ નવેમ્બરથી થયો હતો. રવિવારે ચોથા દિવસે કાત્યોકનો મેળો મધ્યાંતરે આવી પહોંચ્યો છે. ત્યારે મેળામાં દિવસ અને રાત્રી દરમિયાન અંદાજિત બે લાખ કરતા વધુ લોકો ઉમટ્યા હતા. ત્યારે ગુરુવારથી શરૂ થયેલા મેળામાં યાત્રિકોનો પ્રવાહ અવિરત રહેતાં છેલ્લા ચાર દિવસમાં અંદાજિત આઠ લોકોએ મેળો મહાલ્યો હતો. જયારે મેળા અંતર્ગત સરસ્વતી નદીમાં રમત ગમ્મત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા બે દિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. સિદ્ધપુર સરસ્વતી નદી પટમાં ભરાતા કાર્તિકી પૂર્ણિમાના મેળાનો વિધિવત પ્રારંભ તા.૧૪ નવેમ્બરથી થયો હતો. રવિવારે ચોથા દિવસે કાત્યોકનો મેળો મધ્યાંતરે આવી પહોંચ્યો છે.

**૨૫ પુરૂષો પાંચ મહિલા રંગે હાથ ઝડપાયા**

**પોલીસે કાર, મોબાઈલ, બાઈક, રોકડ સહિત અંદાજીત ૫૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો, વિવિધ દિશામાં તપાસ શરૂ**

# પાટડીમાં ACBના PIના ભાઇના ઘરમાંથી જુગારધામ ઝડપાયું !

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૧૯ ।

પાટડીમાં એસીબીના પીઆઈના ભાઇના ઘરમાંથી ઝડપાયું જુગારધામ, ૨૫ પુરૂષો ૫ મહિલા રંગે હાથ ઝડપાયારાજ્યમાં ગુનાખોરીનો ગ્રાફ ઘટવાને બદલે ધીમે ધીમે વધી રહ્યો છે, ત્યારે આવી જ એક ગેરકાયદેસર પ્રવૃતિ સુરેન્દ્રનગરના પાટડીમાંથી ઝડપાઈ છે. મળતા અહેવાલ પ્રમાણે સુરેન્દ્રનગર જિલ્લાના પાટડીમાં ગેરકાયદેસર રીતે ધમધમતા જુગારધામ પર ગાંધીનગર સ્ટેટ મોનિટરીંગ સેલના દરોડા પડ્યા હતા.આ દરોડામાં ૨૫ પુરૂષો અને ૫ મહિલાઓ જુગાર રમતા રંગે હાથ ઝડપાયા છે.ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલને બાતમી મળી હતી કે એક ઘરમાં મોટા પાયે જુગારધામ ચાલી રહ્યું છે. બાતમીના આધારે એસએમસીની ટીમે દરોડા પાડ્યા હતા. . એસીબીના પીઆઈના ભાઈ કિરણ ઠાકોરના ઘરે જુગારનો અડ્ડો ધમધમતો હોવાનું સામે આવ્યુ છે.રાત્રે ૧૨ વાગ્યાના અરસામાં આ જુગારધામ પર દરોડા પાડવામાં આવ્યા હતા. પાટડીના વેલનાથનગરમાં જુગારનો અડ્ડો ચાલતો હતો. પોલીસે જ્યારે દરોડા પાડ્યા ત્યારે મહિલાઓએ દરવાજા બંધ કરી દીધા હતા. પોલીસે કાર, મોબાઈલ, બાઈક, રોકડ સહિત અંદાજીત ૫૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya